# ૩. સુરેશ જોષીનું કૃતિવિવેચન

૩.૧ સુરેશ જોષી - વ્યકિતત્વ અને વા મય

૩.૨ કૃતિવિવેચનઃ

૩.૩ નવલકથાનું કૃતિનિષ્ઠ વિવેચન

૩.૩.૧ ગુજરાતી નવલકથા

૩.૩.૧.૧ 'સરસ્વતીચંદ્ર'- ગોર્વધનરામ મા.ત્રિપાઠી

૩.૩.૧.૨'ઝેર તો પીધાં છે જાણી જાણી' - દર્શક

૩.૩.૧.૩ પૂર્વરાગ - રઘુવીર ચૌધરી

૩.૩.૧.૪ અન્ય ગુજરાતી નવલકથા અંગે

૩.૪ પાશ્ચાત્ય/વિદેશી કૃતિઓનું વિવેચન

૩.૪.૧ ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ

૩.૪.૨ નવો અવતાર

૩.૪.૩ 'ધ કેસલ' - દુર્ગ / ફ્રાન્ઝ કાફકા કૃત 'ધ કેસલ'નો પરિચય

૩.૩.૪ કેમ્યુની કૃતિઓ

૩.૪.૫ ઇ. એમ. ફોસ્ટર્ર ની નવલકથાઓ

૩.૫ ગુજરાતી ભાષાનાં કાવ્યોનું વિવેચન

૩.૬ ભારતીય ભાષાનાં કાવ્યોનોસ

૩.૬.૧ પવનભરી રાત-જીવનાનન્દ દાસ

૩.૬.૨ અશી તુઝી કલ્પના હોતી ?- વિંદા કિરંદીકર

૩.૬.૩ સુધીન્દ્રનાથ દત્તનાં કાવ્યો અંગે.......

૩.૬.૪ ‘નિર્ઝરનો સ્વપ્નભંગ’: રવીન્દ્રનાથ ટાગોર

૩.૭ ‘કવિતાવિવેચન વિષયક કેટલાંક નિરીક્ષણો

૩.૮ વિદેશી વાર્તાઓનું વિવેચન

૩.૮.૧ ‘હારા’ - A Bar Of Shadow - Van Der Post

૩.૮.૨ Village Doctor: ગામાડાંનો દાકતર-એક દૃષ્ટિ - ફ્રાન્સ-કાફકા

૩.૮.૩ ડેથ ઇન વેનિસ - ટોમસ માન (ડેથ ઇન વેનિસ -એક દૃષ્ટિપાત)

# ૩. સુરેશ જોષીનું કૃતિવિવેચન

## ૩.૧ સુરેશ જોષી - વ્યક્તિત્વ અને વા મય

નામ : સુરેશ હરિપ્રસાદ જોષી

જન્મસ્થળ : વાલોદ, દક્ષિણ ગુજરાત

જન્મ તારીખ : ૩૦/૦૫/૧૯૨૧

અભ્યાસ : એમ.એ., પીએચ.ડી.

વ્યવસાય : અધ્યાપક

સાહિત્યક પ્રવૃતિઓ :

### ક) મૌલિક

**૧) કવિતા :-**

૧) ઉપજાતિ : ૧૯૫૬ (પાછળથી સુરેશ જાષીએ રદ કર્યો)

૨) પ્રત્યંચા : ૧૯૬૧

૩) ઈતરા : ૧૯૭૩

૪)તથાપિ : ૧૯૮૦

**૨) ટૂકી વાર્તા :-**

૧) ગૃહપ્રવેશ : ૧૯૫૭

૨) બીજી થોડીક : ૧૯૫૮

૩) અપિરા : ૧૯૬૪

૪) ન તત્ર સૂર્યો ભાતિ: ૧૯૬૭

૫)એકાદા નૈમષિારર્ણ્ય : ૧૯૮૧

## ૩) નવલકથા :-

૧) છિન્નપત્ર : ૧૯૬૯

૨) મરણોત્તર : ૧૯૭૩

૩) કથાચતુષ્ટય : વિદુલા, કથાચક્ર, છિન્નપત્ર, મરણોત્તર - ૧૯૮૩

## ૪) નિબંધ :-

૧) મૃત્યુ : રવીન્દ્રનાથની દૃષ્ટિએ : ૧૯૫૧

૨) ઈદમ સર્વમ : ૧૯૭૧

૩) અહો બત કિંશ્ચા ર્મ : ૧૯૭૬

૪) રમ્યાણિ વીક્ષ્ય : ૧૯૮૭

૫) પ્રથમ પુરુષ એકવચન : ૧૯૭૯

૬) ઈતિ મે મતિ : ૧૯૮૭

## ૫) વિવેચન :-

૧) કિંસિ : ૧૯૬૦

૨) ગુજરાતી કવિતાનો આસ્વાદ : ૧૯૬૨

૩) કથોપકથન : ૧૯૬૯

૪) કાવ્યચર્ચા : ૧૯૭૧

૫) અરણ્યરુદન : ૧૯૭૨

૬) ચિન્તયામિ મનસા : ૧૯૮૨

૭) અષ્ટમોધ્યાય : ૧૯૮૩

## ૬) સંશોધન :-

૧) જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા :૧૯૮૭

## ખ) અનુવાદ

### ૧) કવિતા :-

૧) પરકીયા : ૧૯૭૫

### ૨) નવલકથા :-

૧) અભિશાપ : શૈલજાનંદ મુખોપાધ્યાય

૨) વંટોળિયો : શૈલજાનંદ મુખોપાધ્યાય

૩) ધીરે વહે છે દોન : માઈકેલ ખોવ : ૧૯૬૧

૪) ભોંયતળિયાનો આદમી - ધિયોદોર - દોસ્તોયેવ્સ્કી : ૧૯૬૭

૫) શિકારી બંદુક - પાસુશી - ઈનોઉએ : ૧૯૭૫

### ૩) નિબંધ :-

૧) ભારતીય ધર્મ - સ્વામી નિખિલાનન્દ : ૧૯૪૮

૨) પંચામૃત - રવીન્દ્રનાથ ઠાકુર : ૧૯૪૯

૩) સંચય - રવીન્દ્રનાથ ઠાકુર : ૧૯૬૩

### ૪) વિવેચન :-

૧) સાહિત્યમીમાંસા - વિષ્ણુપ્રસાદ ભટ્ટાચાર્ય : ૧૯૭૦

૨) અમેરિકાના સાહિત્યનો ઈતિહાસ -માર્કસ કન્લીફ : ૧૯૬૫

૩)અમેરિકી ટૂંકી વાર્તા - ર.બી. વેસ જયુનિપર : ૧૯૬૭

### ૫) ચરિત્ર :-

૧) દાદાભાઈ નવરોજી - મીનુ મસાણી : ૧૯૭૧

# ગ) સહઅનુવાદ

### ૧) કવિતા :-

૧) એકાંતરશતી - રવિન્દ્રનાથ ઠાકુર : ૧૯૬૩

૨) ગીત પંચશતી - રવિન્દ્રનાથ ઠાકુર : ૧૯૭૮

### ૨) નિબંધ :-

૧) રવીન્દ્ર નિબંધમાલા(ભાગ-૨)- રવિન્દ્રનાથ ઠાકુર : ૧૯૭૬

### ૩) ટૂંકીવાર્તા :-

૧) નવી શૈલીની નવલિકાઓ : ૧૯૬૧

૨) વિદાશિબી ૧, ૨, ૩, : ૧૯૮૫

# (ઘ) સંપાદન

### ૧) કવિતા :-

૧) નવોન્મેષ : ૧૯૭૧

૨) નરહરિકૃત જ્ઞાનગીતા : ૧૯૮૩

૩) વસ્તાના પદો : ૧૯૮૩

### ૨) ગદ્ય :-

૧) ગુજરાતી સર્જનાત્મક ગદ્ય : ૧૯૮૧

### ૩) વિવેચન :-

૧) આધુનિક કવિતા - ચાર મુદ્દા : ૧૯૭૫

૨) વિવેચન - ચાર મુદ્દા : ૧૯૭૫

૩) જાનન્તિ યે કિમપિ : ૧૯૮૪

**૪) સામયિક :-**

૧) સુધાસંઘ પત્રિકા

૨) ફાલ્ગુની

૩) વાણી - ૧૯૪૭-૧૯૪૯ અંક ૧-૧૯ (સં. મોહનભાઈ પટેલ સાથે)

૪) મનિષા - ૧૯૫૪-૪૯૫૮ માસિક અંક ૧-૨૭ ત્રિમાસિક અંક ૧-૩(રસિક શાહ)

૫) ક્ષિતિજ - ૧૯૫૯-૧૯૬૬ અંકે -૭૯ (સં. પ્રબોધ ચોક્સી સાથે)

૬) વિશ્વમાનવ - (રવીન્દ્રનાથ વિશેષાંક) -૧૯૬૧

૭) ઊહાપાહદ - ૧૯૬૯-૭૪ અંક ૧-૬૦ (સં. રસિક શાહ, જયં ખ સાથે)

૮) અતદ્ - ૧૯૭૭-૧૮૬ (સં. રસિક શાહ, જયંત પારેખ સાથે)

૯) સ્વાધ્યાય - (અર્થઘટન વિશેષાંક)

૧૦) સાયુજય (વાર્ષિક) ૧૯૮૩-૧૯૮૫ અંક ૧-૨

૧૧) સતુ (ત્રેમાસિક) ૧૯૮૪-૮૬, ચાર અંક અગ્રે ગુજરાતીમાં (સં. ગણેશ દેવી સાથે)

સુરેશ જોષીના સાહિત્યપ્રદાન અંગે અત્રે સંક્ષેપમાં માહિતી આપવાનો પ્રયાસ કર્યા છે. જે આ મુજબ છે.

**૩.૨ કૃતિવિવેચનઃ**

સુરેશ જોષીએ પોતાની વિવેચનપ્રવૃતિથી ગુજરાતી સાહિત્ય સર્જન તેમજ વિવેચન બંનેને અલગ દિશા ચીંધી બતાવી છે. એ દિશા કે જેમાં માત્ર પરંપરાગત મૂલ્યો કે કોઈ એક યુગના પ્રભાવના બદલે વિશ્વસાહિત્યનો સંદર્ભ અને પરિપ્રે . એમની વિવેચનપ્રવૃતિ અંગે આપણે આગળ માહિતી મેળવી એમના વિવેચન સંગ્રહો અને લેખોની વિપુલતા જોતાં એમની વિવેચનપ્રવૃતિનો ખ્યાલ આવે છે. સુરેશ જોષીની વિવેચનપ્રવૃતિનો

આરંભ, આમ જોવા જોઈએ તો 'વાણી' ના મોહનભાઈ પટેલ સાથેના સંયુક્ત સંપાદન હેઠળના સામાયિક પ્રાગટયથી એટલે કે બરથી થયો. સુરેશ જોષીએ સર્જન વિવેચનના ખ્યાલોમાં ધારમૂળથી નવા ખ્યાલોને પ્રસરાવ્યાં. એમના વિવેચનકાર્ય વિશે બૌદ્ધિકોમાં એક ફરિયાદ હંમેશા જોવા મળે છે કે દ્ધાંતિક વિવેચન જ કર્યા કર્યું છે. પ્રત્યક્ષ વિવેચનને તેમની સમગ્ર વિવેચનમાં બહુ ઓછું સ્થાન મળ્યું છે. શાસ્ત્રીય પદ્ધતિની પરિભાષાપરક વિવેચન પરિપાટીની સામે એમણે આસ્વાદમૂલક 'રસવિવેચન' ની જે જેહાદ જગાવી એમાં પો ક્રય રહયાં અને કૃતિઓ ત્યક્ષ વિવેચનને ટાળ્યું છે. તેમજ સૈદ્ધાંતિક વિવેચનની ચર્ચામાં કયાંક કર્તા કે કૃતિના સામાન્ય નિર્દેશો કર્યાં છે. પણ ચોક્કસ પ્રકારનું કૃતિષ્ઠિ વિવેચન અલ્પ પ્રમાણમાં કર્યા છે. એમણે કરેલી સિદ્ધાંતચર્ચાના તત્ત્વો જે તે કૃતિમાં દૃષ્ટિગોચર થતાં હોય તો તેને અનુલક્ષીને ઠોસ રસવિવેચ કરાવવાની સક્રિયતા એમણે ઓછી દાખવી છે. એમ છતાં એમણે વિદેશી કૃતિઓ તેમજ પરપ્રાંતીય કૃતિઓનો આસ્વાદ ઠીક-ઠીક પ્રમાણમાં કરાવ્યો છે. અત્રે એમણે કરેલ કૃતિનિષ્ઠ વિવેચન અંગે ચર્ચા કરવાનો ઉપક્રમ છે. જેમાં એમણે ગુજરાતી ભાષાના ગદ્ય અને પદ્યનું કરેલ વિવેચન તેમજ અન્ય ભાષાની અને વિદેશી કૃતિઓના વિવેચનને મૂલવવાનો ઉપક્રમ છે. આ પ્રક્રિયામાં સુગમતા રહે એ માટે તબક્કાવાર ચર્ચા નીચે મુજબ છે.

**૧) નવલકથાનું કૃતિનિષ્ઠ વિવેચન :-**

- ગુજરાતી ભાષાની નવલકથા
- પરપ્રાંતીય ભાષાની નવલકથા
- વિદેશી ભાષાની નવલકથા

**૨) કાવ્યકૃતિઓનું કૃતિનિષ્ઠ વિવેચન :-**

- ગુજરાતી કાવ્યો

- પરપ્રાં[illegible] કાવ્યો
- વિદેશી કાવ્યો

**૩) ટૂંકીવાર્તા/નવલિકાનું કૃતિનિષ્ઠ વિવેચન :-**

- ગુજરાતી નવલિકા
- પરપ્રાંતીય નવલિકા
- વિદેશી ભાષાની નવલિકા

**૪) વિવેચન પુસ્તકોનું વિવેચન**

**૫) અન્ય**

### ૩.૩ નવલકથાનું કૃતિનિષ્ઠ વિવેચન

### ૩.૩.૧ ગુજરાતી નવલકથા :

નવલકથા અંગેનો સૌ[illegible] ‘વિદિત છે કે[illegible] કથામાં ઘટનાતત્ત્વના વિલીનીકરણના આગ્રહી હતાં. કથાશ્રિત કૃતિ અંગેનો એમનો અણગમો જગજાહેર છે.

> ***“કથા કહેવી તો સહેલી થઇ પડે પણ સાચો નવલકથાકાર કથાને નિમિતરૂપ બનાવીને જ સર્જન કરે. કથા તો નવલકથાના સ્થાપત્યને ખડું કરવાને માટેની પાલખ છે.”***[01]

એમની આ વિચારસરણીનો પ્રભાવ ગુજરાતી નવલકથાના વિવેચનમાં પથરાયેલો હોવાથી ખુબ[illegible] ખણાયેલી અમુક કૃતિની એમણે કડક આલોચના કરી છે.

### ૩.૩.૧.૧ ‘સરસ્વતીચંદ્ર’- ગોર્વધનરામ મા.ત્રિપાઠીઃ

'સરસ્વતીચંદ્ર'ની આકૃતિ ની શિથિલતાને લીધે આપણા વિવેચનને મોટું નુકશાન થયું છે. જો 'સરસ્વતીચંદ્ર' માં 'આકૃતિ' ની સિદ્ધિ થઈ હોત તો આપણી વિવેચના 'આકૃતિ' ને સમજવા તરફ વળી હોત. વળી, તેઓ સ્પષ્ટ જણાવે છે કે,

> ***"કે ક કૃતિઓ એવી હો કે કસોટીએ ચઢાવે છે. 'સરસ્વતીચંદ્ર' એ આપણા વિવેચનને આમ કસોટીએ ચઢાવીને ઉઘાડું પાડયું છે."*** [૦૨]

સુરેશ જોષીની ફરિયાદ અહીં માત્ર 'સરસ્વતીચંદ્ર' ના આકાર વિશે નથી પરંતુ ગુજરાતી વિવેચન અંગે પણ પ્રગટે છે. એમનું માનવું છે કે મ ોટાભાગના વિવેચકોએ 'સરસ્વતીચંદ્ર'ની મહત્તા સ્વીકારી લીધી છે અને મહત્ત્વના આ સ્વીકારનું પ્રતિવાદન કરવા ખુ ઁ છે; પરંતુ આગવી તર્કબદ્ધ વિચારણા કરીને કયાંય કશો પણ સંશય દાખવ્યો નથી. આ મુદ્દાની ચર્ચા કરતી વખતે તેઓ આનંદશંકર ધ્રુ ક ઈત્યાદિ વિવેચકોના મત ટાંકીને પછી એ જ મતનુ ખું કરીને એ દ્વારા 'સરસ્વતીચંદ્ર' ના 'આકાર' ને પડકારે છે.

સુેશ જોષી 'સરસ્વતીચંદ્ર' ના આકારની શિથિલતાની પુષ્ટિ માટે ગોવર્ધનરામના જ અવતરણો અને વિધાનાનો કોએ 'સરસ્વતીચંદ્ર'ના 'આકાર' અંગે કરેલા બચાવનો છેદ ઉડાવે છે. ગોવર્ધનરામ 'સરસ્વતીચંદ્ર'ના 'આકાર'ને (નાના-નાના જુદાં-જુદાં રંગના કાચના કે ટુકડામાંથી બનતું ચિત્ર) કહીને ઓળખાવ્યો. તેમજ રામનારાયણ પાઠકે 'સરસ્વતીચંદ્ર' ના 'આકાર' ને 'મહાનદ' સાથે સરખાવ્યો તેની તેમજ બ. ક. ઠાકરે 'ફુલગુંથણી' સંજ્ઞા વાપરી એની સામે તર્કબદ્ધ દલીલો કરીને શિથિલતાને સાબિત કરવાનો પ્રયત્ન કરે છે. સાથે-સાથે તેઓ યશવંત

શુક્લ દ્વારા કરાયેલ 'સુનિયાજિત રચના' શબ્દપ્રયોગને ગાવર્ધનરામના લીલાવતી પરના પત્રનો આધાર લઈ ને કે,

***"જ્યાં સુધી હું છેલ્લા પ્રકરણ લખી ના કહાડું ત્યા સુધી કું આણીશ તે હું જાતે જ જાણતો ન હતો. "[૦૩]***

વિધાન દ્વારા પડ કારે છે. તેમની સરખામણી કરવાની શકિત અદ્ભૂત છે. આ સંદર્ભમાં તેઓ દોસ્તોયવ્સ્કીના 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ' ની 'યોજના' ના 'આગોતરા આયોજન' નું ઉદાહરણ આપે છે. તેમજ ખૂબ આદર પામેલી આ કૃતિની મર્યાદાઓ જેવી કે, શુષ્ક ચર્ચા, નાટકી લાગે તેવા અંશ, પીંજણ, મુખ્ય અને ગૌણ તુથ ચેનો સંબંધ યોજવામાં મળતી નિષ્ફળતા, રૂપકપ્રિયતા, તેમજ આયાસપૂર્ણ અલંકાર રચના તરફ અંગૂલિ નિર્દશ કરે છે.

સુરેશ જાષીનો બીજો વિરોધ 'સરસ્વતીચંદ્ર'ની મર્યાદાઓને એની આદર્શપરાયણતા તથા 'સર્વતોમુખી જીવનમીમાંસા'ના અંચળા હેઠળ ઢાંકી દેવાનું વલણ મોટા ભાગનાં વિવેચકોનું રહયું છે. એના સમર્થન માટે તેઓ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું અવતરણ ટાંકેછ

***"હકીક્ત એ છે. દુનિયાની ઓછી જ નવલકથાઓ આવડો માટો આદર્શ રાખેછ "[૦૪]***

'આદર્શ' અંગે સુરેશ જોષીનું માનવુંછ કે ગમે એટલો મોટો હોય પણ આખરે એ રસનિષ્પતિના ઉપાદાન પૈકીની કાચી ધાતુ છે. ઊંચા આદર્શ હોવાથી કૃતિ મહાન બનતી નથી પણ આદર્શનું કળાતત્ત્વમાં રૂપાંતર થવું જોઈએ. આગળ ચર્ચા કરતા તેઓ પશવંત શુક્લ અને રામનારાયણ પાઠકની વિવેચનાને 'છળ' ગણાવીને આકારની દૃષ્ટિએ નવલકથાને કળાકૃતિ લેખે એવું ભારપૂર્વક જાહેર કરે છે.

'સરસ્વતીચંદ્ર' અંગે ચર્ચા કરતાં-કરતાં સુરેશ જોષી વિવેચનના મૂળભુત પ્રશ્નો 'આકાર એટલે શું ? 'જીવન અને કળા' ના સૈદ્ધાંતિકવિવેચનને છેડે છે તેમજ એરિસ્ટોટલ, હેન્ડી જેમ્સે કરેલા તોલ્સતોયના મૂલ્યાંકન તેમજ જેમ્સ જોય્યસ 'યુલિસિસ' ની ટેકનિકની વાત કરતાં-કરતાં દર્શકની 'ઝેર તો પીધા છે. જાણી જાણી' કૃતિનો અછડતો ઉલ્લેખ કરીને ચર્ચાને પાછા સરસ્વતીચંદ્રના પાત્ર તરફ આગળ ધપાવીને એના પાત્રની વિસંગતિઓ તરફ ધ્યાન દોરે છે.

સુરેશ જોષીને સરસ્વતીચંદ્રના 'પાત્ર'ની 'લોકોત્તરતા' સામે વાંધો છે. કુ  શ્નનો જવાબ આપવામાં અસમર્થ સરસ્વતીચંદ્ર એમને ભીરું 'લોકોત્તરતા' એના પર આરો  કરવામાં આવી હોય એવું લાગે છે. એમના જ શબ્દોમાં જોઈએ તો,

> ***"જે સરસ્વતીચંદ્ર પોતાને વિશે 'હું મૂળથી નિષ્કામ છું' એવો દાવો કરે, જે સરસ્વતીચંદ્ર સંસારીઓથી પોતાને જુદા વર્ગનો ગણવાવા મથે તે જ સરસ્વતીચંદ્ર બેભાન કુ 'થી 'મદનવિષયની લહેરો' અનું કળો બનીને 'હોં! હરિ ! હં ! હં !' કહીને નિસાસા નાખેછ "[૦૫]***

અર્થાત્ 'લોકોત્તરતા' અને 'નિષ્કામીપણાં' નો દાવો કરતો સરસ્વતીચંદ્ર માત્ર સામાન્ય માનવી છે ધરાવે છે જે સમય સંજોગોનુસાર પલાયનવાદી વલણ અપનાવતી વખતે 'લોકોત્તર' બની જાય છે. જયારે આવેગો અને વૃતિઓની બાબતમાં સામાન્ય માનવી બની રહે છે. એવું સુરેશ જોષીને અભિપ્રેત છે. એમના જ શબ્દોમાં જોઈએ તો,

> ***"સરસ્વતીચંદ્રના આ બે સ્વરૂપોને આપણે જોડી શકતા નથી."[૦૬]***

સરસ્વતીચંદ્રના પાત્રમાં રહેલી વિસંગતિ સુરેશ જોષીની દલીલોના આધારે ભાવકને વાજબી લાગી શકે ... કરુણની નિષ્પતિ કે ... શકય છે? ભાવનાશીલતા અને અનિશ્ચિતતાભરી નિષ્ક્રિયતાનું નિરૂપણ સરસ્વતીચંદ્રના સર્જકે જાણી જોઈને પાત્રમાં સભાનતાપૂર્વક જ કર્યું હોઈ શકે ... કરુણતાભર્યુ એસ્થેટિક સર્જી શકાય આ બાબત નોંધતા રાધેશ્યામ શર્મા જણાવે છે કે,

> ***"સુરેશભાઈની બીજી એક ફરિયાદ એ છે કે 'લોકોત્તર અને પ્રાકૃત એવા સરસ્વતીચંદ્રના સ્વરૂપને આપણે જાણી શકતા નથી' મને લાગે છે કે ... ના બે સ્વરૂપોનુ અદ્વૈત થયેલું કોઈ બતાવી આપે તો એસ્થેટિક્સના એકાદા પ્રાથમિક ચોક્કામાં પાત્ર પુરાઈ ના જાય ? (સુ.જો. ને આ તો માફક નહી જ હોય) 'સરસ્વતીચંદ્રઃ એક અધ્યયન'ના પૃષ્ઠ ૨૧૯ ઉપર શ્રી રમણલાલ જોશીએ કહયુ છે તે ધ્યાનને પાત્ર છે. 'સરસ્વતીચંદ્ર અને કુ ... ખન એ રીતે થયુ છે કુ ... પન્ન હોવા છતાં માનવસહજ નિર્બળતાઓ પણ કયારેક તેમનામાં ડોકિયા કરતી નિરૂપાઈ છે.[૦૭]***

આમ, 'સરસ્વતીચંદ્ર'ને નીતિવિષયક કે કલાવિષયક ગ્રં ... મતમતાંતરો પ્રવર્તતા રહયા છે. સુરેશ જોષીની કડક આલોચના સામે પારંપારિક વિવેચને પણ પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે. તો વળી, આધુનિક અનુઆધુનિક વિવેચને પણ આ અંગે વિવિધ નિવેદનો કર્યાં છે. આ વિવાદ અંગે રાધેશ્યામ શર્માએ યોગ્ય જ નોંધ્યુ છે કે,

> ***"મહાભારતની જેમ 'સરસ્વતીચંદ્ર' એ વિવેચનક્ષેત્રે બે છાવણીઓ નિપજાવી છે. એકે કહેવું કે ... કલાકૃતિ છે અને બીજાએ પોતાનો સર્વશ્રમ એ***

*કલાકૃતિ નથી એ સિદ્ધ કરવામાં રેડવો ? આ રીતેય 'સરસ્વતીચંદ્ર' વેદપુરાણ તરીકે ટકી રહેશે."*[૭૮]

આમ, 'સરસ્વતીચંદ્ર સંદર્ભે ... દ્ધનો સુર ચાલું જ રહયાં છે. તેમાં રહેલા સાહિત્યતત્ત્વો અને તેને સાહિત્ય સાથે જોડાણ ધરાવતી બાબતો વચ્ચે સૂક્ષ્મ ભેદરેખાઓ હોવાથી એક યુગમાંથી બીજા યુગમાં સંક્રાન્ત થતાં વિવેચનમાં પણ વિવેચનપરક કલાયુત્ક્રમની તીવ્ર અસરો જોવા મળે છે ... કા પરથી વિવેચકોએ આ કૃતિની કૌટુંબિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, આધ્યાત્મિક વગેરે દૃષ્ટિકોણથી મૂલવણી કરી જયારે આધુનિક યુગમાં શુદ્ધ સાહિત્યના સ્વરૂપમાં મૂલવવાની શરૂઆત થઈ. જેથી સ્વભાવિક જ છે કે ... કતાવાદના સંસ્થાપક સુરેશ જોષીની પ્રતિક્રિયા તીવ્ર હોય. આજ સુધી અન્ય વિવેચકો દ્વારા કરાવવામાં આવેલી જીવનદર્શનની ઉદારતાના સ્થાને એમણે રૂપરચનાના સંદર્ભમાં મૂકી તેમજ પાશ્ચાત્ય સાહિત્યના પ્રભાવના કારણે 'સરસ્વતીચંદ્ર'ના મૂલ્યાંકનને નૈતિક સંવેદના પરથી હટાવી સાહિત્યક સંવેદના પર સ્થાપવા પ્રયાસ કર્યો. સુરેશ જોષીનું સ્પષ્ટ માનવું છે કે ... કથાકાર જીવનની કોઈ સમસ્યા વિશે માહિતી આપતો નથી. એમની આ વિચારણાના આધારે જ તે ... સરસ્વતીચંદ્ર'ના સાહિત્યક દોષોની વિગતે ચર્ચા કરે છે.

સુરેશ જોષીએ જ આ પરિપ્રેક્ષ્યમાં સર્વપ્રથમ ચર્ચા આદરી છે એવું નથી. રમણભાઈ નીલકંઠે ... કહયું કે ગ્રંથકારે કરેલી ચર્ચાઓ અગત્યની છે. પણ તેમાંથી કલાવિધાનનો ભોગ લેવાયો છે અને નવલકથા સ્વરૂપનો હ્રાસ થયો છે. આ મતને સુરેશ જોષીએ આદરણીય ગણીને એમની ચર્ચામાં સામેલ કર્યા છે.

અહીં જોઈ શકાશે કે ... ક્રિયાને બાદ કરીને માધ્યમની સક્રિયતા અને માધ્યમની લક્ષ્ય બનવાની ક્ષમતાની ઉપેક્ષા કરીને ચાલનારી તેમજ પૂર્વસિદ્ધ મૂલ્યો, તૈયાર

ભાવનાઓના આધારે ‘Master Piece’ કે ... નમાં થતી આવતી વિવેચનાની સામે સુરેશ જોષીનો આધુનિકતાવાદના સંદર્ભનો ઊહોપોહ અમુક અંશે વાજબી લાગે છે. સાથે-સાથે એ પણ નોંધવુ જરૂરી છે ... ક દૃષ્ટિકોણથી વિવેચન કરતી વખતે આ કૃતિને કલાકૃતિ તરીકે ... ષ્ફળ ગણાવે પણ એક થરમાંથી ઉત્ક્રાન્ત થઈને જુદા-જુદા થરમાં ઉત્ક્રાન્ત થતી આ નવલકથા સર્જકતા અને ચિંતનની દાર્શનિકતાનો સમન્વય છે એ હકીકત પણ સ્વીકારવી જ રહી.

ભાવનાવાદી વલણો સાથી કળાકૃતિને ઢાંકી દે છે. એવી એમની ફરિયાદ ‘સરસ્વતીચંદ્ર’ની દર્શકની ‘ઝેર તા પીધા છે જાણી જાણી’ સુધી વિસ્તરે છે.

### ૩.૩.૧.૨‘ઝેર તો પીધાં છે જાણી જાણી’ - દર્શકઃ

‘ક્ષિતિજ’-એપ્રિલ ૧૯૬૧ માં ‘કથરોટમાં ગંગા’એ શીર્ષક હેઠળ એમણે ‘ઝેર તો પીધાં છે જાણી જાણી’ નવલ કથા પર વિવેચનલેખ આપ્યો છે.

આ વિવેચનલેખનુ શીર્ષક ‘કથરોટમાં ગંગા’ જ ઘણું ખરું આલોચનાને મુખરિત કરી દે છે. લેખની શરૂઆત એમણે ‘એકવેરિયમ’ના સૂચક ઉદાહરણ દ્વારા કરી છે કે એકવેરિયમમાં દરિયાઈ રેતી, છીપલાં, વનસ્પતિ, માછલીઓ વગેરે બધું જ હોવા છતા દરિયાનું મૂળભૂત તત્ત્વ ભરતી ઓટ નથી. એવી જ રીતે ‘ઝેર તો પીધાં છે જાણી જાણી’ એ માત્ર ભાવનાઓનું ‘એકવેરિયમ’ માત્ર જ છે. વળી, આગળ જ તેઓ જણાવે છે. કે ... કૃતિમાં ગીતાજીના સોળમાં અધ્યાયમાં ગણાવેલી દૈવી સમ્પતિની યાદી, બુદ્ધપ્રબોધ્યો અકાંગિઠી માર્ગ, વિનોબાજીનો ભૂમિપ્રમ, ગાંધીજીને પ્રિય એવી મિલકતની ટ્રસ્ટશિપની ભાવનામાં, દારુબંધી, મૈત્રી, કરુણા, અહિંસા તમામ આદર્શો તેમજ પ્રે ... આધ્યાત્મિક અનુભૂતિ તમામ બાબતો આ કૃતિમાં ઠેર-ઠેર મળી રહેશે. કૃતિમાં સમાવિષ્ટ આટલા આદર્શો ... ક જ પલટો મારીને કહે છે કે,

***“આમ છતાં આ કથરોટની ગંગામાં સ્નાન-નિમજ્જન શકય નથી, એનું માત્ર આચમન જ શકય છે. ભાવનાઓ આટલી ભરચક હોવા છતાં એને આધારે સાચી કળાકૃતિ નિપજાવી શકાઈ નથી.*** [૦૯]

એમના આ કથનના બે શબ્દો નોંધનીય છે. ‘ભાવના’ અને ‘સાચી કળાકૃતિ’ આ બંને અંગેની એમની આગવી વિચારણા તેઓ કૃતિના વિવેચનમાં લાગુ કરીને આલાચનાત્મક વિધાનો કરે છે. તેમજ સાચી કળાકૃતિ, ભાવના અને નવલકથાના સંબંધો અંગેની સૈદ્ધાંતિક વિવેચનની ઝલક પણ જોવા મળે છે. એમનો વિરોધ ભાવનાઓ સાથે નથી પણ એ ભાવનાને લેખક પોતાના રચેલાં જગતમાં ચરિતાર્થ ન કરે અને માત્ર ભાવનાના ધજાગરા તરફ અ ાંગળી ચીંધીને સર્જનકર્મનો સંતોષ માને તેની તરફ છે. આથી જ તેઓ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે,

***“આ નવલકથા લેખક ભાવનાવૃતિ અને સાહિત્યકૃતિમાં એનું કળાની રીતિએ નિરૂપણ આ બે વચ્ચેના વિવેચકને પૂરો જાગૃત રા ખી શકયા હોય એવું આપણને લાગતું નથી. આપણે જે ભાવનાને ત્મના વરી ચૂકયાં માટેના મહત્ત્વ અને આસકિત જ આ વિવેક જા ળવવામાં વિઘ્નરૂપ બને છે.”*** [૧૦]

દર્શકના વધારે પડતા ભાવનાવાદી વલણ પછી એમનો બીજો વિરોધ કૃતિમાં સમગ્ર રીતે છવાયેલા નિયતિના પ્રભુત્વ તેમજ અકસ્માતો, ચમત્કારો, તાલમેલિયા ઘટનાઓ વગેરે પરત્વે છે. કથામાં ક સંચાલનો પણ કથાને સાચી કળાકૃતિ બનાવવા તરફ દોરી જતા હોય છે. પરંતુ દર્શકે કૈ ને સાથે વટાવીને યું પગ માંડનાર યુવક-યુવતીની મનોદશાને વર્ણાવ્યા વગર ભાવનાઓ ખાતર આ વયજૂથના

પાત્રની Psychological Reality નો ભોગ આપ્યો છે. કથાગુંથણીમાં પાત્રોના નિરૂપણ ચકાસતા તેઓ જણાવે છે કે,

> ***"અકસ્માત પાસેથી ઘણું કામ કઢાવી લેવાનો લેખકને લાભ મહાન ઐતિહાસિક વ્યક્તિઓને નજીવી ઘટનાઓમાં ખેંચી આણવાનો છે."***[૧૧]

સુરેશ જોષીના આ વિધાનનો ઈશારો ગાંધીજી અને હિટલરના પ્રસંગો અંગે છે. વળી, ગુજરાતી કથાસાહિત્યમાં આદર્શ ગણાયેલા સત્યકામ, રોહિણી અને હેમંતના પાત્રોને લેખકે આપીને ચટપટ અને સપાટ કરી નાખ્યા છે ત ધરાવે છે. જયારે ગોપાળબાપાના પાત્રને 'સદ્‌ગુણનો કોથળો' ગણાવીને વ્યંગ કરે છે. શીતળાથી અંધ બને કામને શાંતિમાતા તરફથી જે આશ્વાસન મળે છે તેને સુરેશ જો શાહમૃગી વૃતિનું ઉદાહરણ ગણાવે છે. એમના આ વલણો પાછળ એમની પાશ્ચાત્ય સાહિત્યથી પ્રભાવિત વિચારધારાનો પ્રભાવ અનુભવાય છે. આ વિવેચનલેખમાં તેઓ હેમિંગ્વે અંગેનું વિધાન ટાંકીને કહે છે કે,

> ***"સમુદ્રમાં તરતા આઈસબર્ગ સુંદર લાગે છે એનું કારણ એ છે કે ચતુર્થાંશ ભાગ સમુદ્રની અંદર ડુબેલો હોય છે. કથાનકની ગુંથણીમાં પણ આ ધ્યાનમાં રાખવા જેવી વાત છે. અહીં સમુદ્રની અંદર ઢકાંઈને રહેલા પેલા ત્રણ ચતુર્થાંશની જ બાદબાકી થઈ ગઈ છે."***[૧૨]

માત્ર એક જ ઉદાહરણના માધ્યમથી સુરેશ જોષીએ કે ખડા કરી દીધાં ! વળી અહીં તેઓ ફ્રેન્ચ નવલકથાકાર Mathalic sarralte ના આકૃતિ અંગેના વિચારોની ચર્ચા કરીને સ્પષ્ટ જણાવે છે કે,

> ***"આ નવલકથાની નિષ્ફળતાનું કારણ લેખકે કળાતત્ત્વની ઉપેક્ષા કરેલી છે."***[૧૩]

ગુજરાતી સાહિત્યની સફળ ગણાતી કૃતિઓમાંની એક ગણાતી કૃતિનુ સુરેશ જોષી આ રીતે નિષ્ફળ જાહેર કરે છે. એનું કારણ સુમન શાહ જણાવે છે તેમ સુરેશ જોષીએ નવલકથા સ્વરૂપના વિવેચનમાં પર્યાપ્ત સ્વરૂપની પૃથક્કરણ પદ્ધતિનો આશરો લીધેલો છે તે હોઈ શકેલ્ન ખનું સમાપન પણ તેઓ 'ભાવના' અને 'કળાકૃતિ'નો ઉલ્લેખ કરીને કરે છે અને આશા રાખેછ કેલ ખકની ભાવનાશકિત કળાસાધનમાં વિઘ્નરૂપ ન બને.

આ નવકથાના વિવેચનમાં ઊડીને આંખે કે વારંવાર એની સરખામણી 'સરસ્વતીચંદ્ર' સાથે કરીછે. પાત્રો, ઘટના, પ્રસંગો, નિયતિ, ભાવનાશીલતા આદર્શવાદ વગેરે દરેક મુદ્દામાં તેઓ 'સરસ્વતીચંદ્ર' ના ઉલ્લેખો ઘસડી લાવે છે. બેભાન રોહિણીને સત્યકામ ચૂમવાની હિંમત કરે છે એ પ્રસંગ સાથે જ સરસ્વતીચંદ્રને કુ ક સ્પર્શો બેભાનાવસ્થામાં જ થતાં હોય છે એ બાબત સાથે સરખાવે છે. તેમજ રેખા અને અચ્યુતના સંબં એ કુ ેખ કરે છે. એટલુ જ નહિ પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે,

> ***"'સરસ્વતીચંદ્ર'નું ખોખુંજ અહીં લેખકુ ે છે. એનો એ ગૃહત્યાગ, એનો એ વિચ્છેદ, એની એ નિષ્ક્રિયતા, એની એ ખટપટો, એના એ કલ્યાણગ્રામ! આથી 'સરસ્વતીચંદ્ર' પછી આપણે આગળ જઈ શકયા નથી એવું લાગે છે. આનો ફલિતાર્થ એ છે કે 'ની રીતે નવલકથા લખવાનો માર્ગ હવે છોડવો ઘટે છે. 'સરસ્વતીચંદ્ર' ની નવલકથા તરીકે નષ્ફળતાનો વારસો ભોગવવામાં હવે ગૌરવ અનુભવવું ન ઘટે."***[૧૪]

સુરેશ જોષી 'ઝેર તો ....' ને 'સરસ્વતીચંદ્ર' ના પ્રભાવમાં રચાયેલી કૃતિ ગણાવીને તેની મર્યાદાઓ દર્શાવે છે. તેમજ સંવિધાયક તત્ત્વની અપેક્ષા રાખે

નવલકથામાં એ તત્ત્વની ઉણપ હોય તો પણ ભારતીય આદર્શો ને વણીને રચાયેલી આ કૃતિમાં ઘણી પ્રશંસાપાત્ર બાબતો પણ છે. તેમજ એની આગવી સિદ્ધિઓ પણ છે જેનો સુરેશ જોષી નિર્દેશ ન કરીને વિવેચનનું એકાંગીપણું પ્રગટ કરતાં હોય એવું લાગે છે.

### ૩.૩.૧.૩ પૂર્વરાગ – રઘુવીર ચૌધરીઃ

'પૂર્વરાગ' ની સમીક્ષાની શરૂઆત જ સુરેશ જોષી વેધક પ્રશ્ન દ્વારા કરે છે કે 'આ નવલકથાને શુદ્ધ સાહિત્યનું સ્વરૂપ લેખી શકાય?' 'પૂર્વરાગ' પ્રથમ પુરુષ એકવચનની નવલકથા છે. સુરેશ જોષીએ સમીક્ષાની શરૂઆતમાં જ આ પ્રકારની નવલકથાની લાક્ષણિકતાઓ અને તેમાં ઉદ્ભવતી મર્યાદાઓ અંગે છણાવટ કરીને ઉમાર્યું છે કે રચનામાં કળાની માવજત કરવા સર્જકે ક રહેવું પડે છે. તરત જ તેઓ રઘુવીર ચૌધરીની સમજ અંગે વિધાન કરે છે કે,

***"લેખક પોતે આ વિશે સભાન નથી એમ આપણે નહિ કહી શકીએ."*** [૧૫]

મતલબ કે અહીં નવલકથા લેખક રઘુ સર્જનશીલતા પ્રત્યેની સભાનતાનો સ્વીકાર કર્યો છે. સુરેશ જોષીની વિશ્લેષણશકિત અદ્ભૂત છે. તેઓ સર્જન વિશેના ખ્યાલને પકડી પાડે છે. અને એ જ ખ્યાલને કૃતિમાં લાગુ શકવાના કારણને પણ પિછાણી શકુ

***"આત્મરતિની અતિમાત્રા આક્રમક સ્વરૂપની નીવડે ને રસાસ્વાદમાં વિઘ્નરૂપ બની રહે એનો એમને ખ્યાલ તો છે જ પણ 'જાનામિ ધર્મં ન મે નિવૃતિ' વાળો ઘાટ થયો હોય એવું આપણને લાગ્યા વિના રહેતું નથી."*** [૧૬]

સર્જક-સર્જન-કળાકૃતિ-સાહિત્ય-સાહિત્યેતર બાબતો અંગે વાત કરતાં કરતાં સુરેશ જોષી કથાનાયક 'હું' એટલે કે ચંદ્રહાસ' ના વ્યકિતત્વના વિરોધાભાસી પાસાઓ, એના મનોજગતમાં પ્રેમ અને સંબંધ અંગેના વિચારોનું ઘર્ષણ જેના સંદર્ભમાં અન્ય પાત્રો

તેમજ પોતાની સાથે થતો માનસિક વૈચારિક સંઘર્ષ વગેરે અંગે રસપ્રદ ચર્ચા કરે છે. નાયક ચંદ્રહાસના વ્યકતિત્ત્વના વિરોધાભાસ અને તકવાદીપણા તેમજ તકલાદીપણા અંગે સુરેશ જોષીનું માનવું છે કેએ ક બાજુથી પશુના જેવા આદિમ આવેગોની ઉત્કટતાવાળો પ્રેમ એને ગમે છે. એમ છતાં બીજી બાજુ એ ખુદ્ર ્રેમની બૌદ્ધિક પ્રતીતિ થવાની રાહ જોવે છે. વળી, ખુ ્ર ર્કવિર્તક કરે છે કે

નથી. સ્વમાન ઘણીવખત અહમમાં પલટાઈ જાય છે. વળી, પોતાની વૃતિઓને વશ થઈને સહશયાભોગના સમયે સામાજિક શિસ્તની સામે એ આંતરપ્રીતીને મૂકી દે છે.

'પૂર્વરાગ' ના પાત્રો અંગે સુરેશ જોષી વાત કરતા જણાવે છે કેલ ખકને જેવા પાત્રનું નિરૂપણ ઈષ્ટ હતું એનાથી અલગ વ્યકિતત્વના નાયકનું નિરૂપણ કર્યુંછ જોઈએ એમના જ શબ્દોમાં,

> ***"સંશયશીલ, આત્મપ્રવેચક, કૃતક આદર્શવાદી, પ્રામાણિકતામાં સતત ચાલ્યા કરતી આત્મશોધના ઓઠા હેઠળ આક્રમક સ્વરૂપના ને તેથી જ બરડ એવા અહંને તથા અસહિષ્ણુતાને ઢાંકતો, નાર્સિસસગ્રંથિથી પીડાતો એવો આ નાયક કોઈને લાગે તો નવાઈ નહીં. લેખકને એવા જ પાત્રનુ નિરૂપણ ઈષ્ટ હોત તો વાત જુદી હતી."*** [૧૭]

ચન્દ્રહાસનો ભૂપેન વિશે અભિપ્રાય છે કે કતઓને પ્રગટ કરવાનું સાહસ કરવાને બદલે એને અમેરિકા રવાના કરી દીધો. 'સંગમ' ના ડોશીમાં, ગોવિંદભાઈ, ત્રિભુવનભાઈ, વિલોચન, સુનીતા, નિખિલકાકા વગેરે પાત્રો ચન્દ્રહાસના દૃષ્ટિબિંદુના દાયરામાં જ આલેખન પામ્યા છે. નવલકથાના મુખ્ય પાત્રના માનસ, વ્યકિત્વ, લાક્ષણિકતા વિશે છણાવટ કર્યા બાદ તેઓ નવલકથામાં પાત્રો વધુ સારી માવજત પામી યોગ્ય ઉઠાવ પામી શકયા હોત એવો નિર્દેશ કરે છે. તેમજ પાત્રોના આલેખનમાં રહેલી કચાશ અને ઉણપ દર્શાવે છે. જુઓઃ

***"પાત્રપ્રધાન અને તેમાંય તે એકપાત્ર પ્રધાન નવલકથાની ક્ષતિઓ ટાળવા જેટલી લેખકની કળાસૂઝ ખીલી હોય એમ લાગતું નથી. અનેક વિરોધીબળોનું સન્તુલન પાત્રને જે Density આપે તે ચન્દ્રહાસના પાત્રને પ્રાપ્ત થઈ નથી..... વિલોચનનું પાત્ર જો સારી રીતે માવજત પામ્યું હોત તો ચન્દ્રહાસની પડખે એક સારું પૂરક પાત્ર નીવડયું હોત."[૧૮]***

પાત્રોનું નવલકથામાં જે રીતે આલેખન થયુ છે એના આશયો તરફ દષ્ટિપાત કરતાં વિવેચક સુરેશ જોષી જણાવે છે કે બનરૂપ પાત્રો સોપાન કે કની સૃષ્ટિમાંથી ચાલી આવ્યા હોય એવું અહીં તેઓ આ રીતે સામયિક કૃતિઓ સાથેનો સંબંધ પ્રસ્થાપિત કરે છે. અને લેખકે કથાને 'બહુજનહિતાય' બનાવવા આવી રીતે પાત્રનિરૂપણ કર્યું દે વે છે. નવલકથામાં ઘટનાતત્ત્વ, આકાર, કળાતત્ત્વ વગેરે અંગે આગવા વિચાર ધરાવનાર સુરેશ જોષી આ નવલ કથા અંગે જણાવે છે કે,

***"જે ઘટનાથી મૂર્ત થવું જોઈએ તે પૂર્વપક્ષ***
***પદ્ધતિને કારણે જે નાટયતત્ત્વની શકયતા હતી તે લેખકે***
***પૂર્વરાગમાં સૂક્ષ્મતાનો અભાવ સૌથી સાચા સહ્રદયને ખટકે "[૧૯]***

ગુજરાતી નવલકથાકારો ધૂમકે સાઈ, ગોવર્ધનરામ, દર્શકની નવલકથાની લાક્ષણિકતાના અમુક અંશો આ નવલકથામાં ઊતર્યા છે. આનો તેઓ વ્યાંગાત્મક ઉલ્લેખ કરે છે. સાથે-સાથે તેઓ એ પણ સ્વીકારે છે કે વીરનું ગદ્ય જાય કે છે અને એમાં એના આગવા વ્યકિતત્વની મુદ્રા ઉપસેલી જણાય છે તેમજ આ નવલકથા શિક્ષિતોને સુખપાઠય બની રહે એવી છે.

આમ, લેખકના આશયો, પાત્રોનું માનસ, પ્રથમ પુરુષ એકવચનની નવલકથાની લાક્ષણિકતા, મર્યાદા, પૂર્વસૂચિઓની તેમજ સમસામયિક નવલકથાના આ

સંદર્ભમાં ઉલ્લેખો વગેરે દ્વારા સુરેશ જોષીએ વિશદ્તાપૂર્વ ક એક વિદ્વાનને શોભે એવી ચર્ચા કરી છે. પણ અહીં એમનો સંતોષ ઓછો અને અસંતોષ વધારે છે એ સ્પષ્ટ જણાઇ આવે છે.

## ૩.૩.૧.૪ અન્ય ગુજરાતી નવલકથા અંગે:

આગળ જણાવ્યું તેમ સુરેશ જોષીએ નવલકથા વિષયક જેટલું સૈદ્ધાંતિક વિવેચન કર્યુ છે એટલું પ્રત્યક્ષ વિવેચન નથી કર્યું. સૈદ્ધાંતિક વિવેચનના સંદર્ભમાં કયાંક-કયાંક સર્જકલક્ષી કે કૃતિલક્ષી વિધાનો જરૂર કર્યા છે પણ સળંગ કેઅ કસૂત્રી સમીક્ષા આપી નથી. અમુક કૃતિઓ અંગે પ્રસંશાપાત્ર વિધાનો કર્યા છે; તો એ પ્રસંશાના કારણોની તેમજ એના કયા સાહિત્યિક તત્ત્વો એને સંતોષકારક જણાયા એ અંગે કોઈ ખુ . અહીં આપણે તેઓએ ઉલ્લેખ કરેલ કૃતિઓ અંગે ટૂંકમાં ચર્ચા કરીશું.

'કથોપકથન' મોં થમ લેખ 'નવલકથા વિશે' માં તેઓ 'કરણઘેલો' અંગે ચર્ચા કરે છે. તેઓ જણાવે છે કે નંદશકરને ઐતિહાસિક સમયને જીવતો કરવાની કળાસિદ્ધિ ન હોવાથી કૃતિમાં ધર્મનો જય, પાપનો ક્ષય, વ્યભિચારની હાર વગેરેને આધારે એમાં સમસામયિક ઘટનાઓ અને સામગ્રી બહારથી ઉપાડીને મૂકી દીધી છે. વળી, એના કારણો અંગે પણ તેઓ સ્પષ્ટતા કરતાં જણાવે છે કે ીના નિરૂપણ સાથે વસ્તુઘટનાને સંબંધ હોય તેવી સૂઝ એ સમયે સર્જક કે કમાં નહોતી. એમ છતાં તેઓ એટલું તો ચોક્કસ માને છે કે કર માત્ર પંડિત જ નહી પણ રસજ્ઞ પંડિત હોત તો નવલકથામાંથી ઘણાખરા દોષો ઊગારી શકાયા હોત. આ નવલકથાનો પ્રભાવ તેઓ મુનશીની 'તપસ્વિની' ના પાત્ર સુધી પડેલો જુએ છે અને રાજા તથા કાકની તાન્ત્રિક સાધનાના સંબંધનો છેડો નંદશંકરના હરપાળ સુધી લંબાવે છે. તો નવલકથામાં ભાવ, આશય, આલેખનની ચર્ચા દરમિયાન મડિયાની 'લીલુડી ધરતી' નો ઉલ્લેખ કરીને કહે છે કે,

***"'લીલુડી ધરતી' માંનો 'પ્રયોગ' આલેખન કરતાં કથાવસ્તુનો જ છે."[૨૦]***

'દીપનિવાર્ણ' અંગે પણ એમની એ જ ફરિયાદ રહી છે કે [illegible] કને ઈતિહાસ પ્રત્યે લગાવ હોવાથી એમની આદરણીય વિભૂતિઓને અવતારવાનું કાર્ય તેઓ નવલકથામાં કરે છે. આના સમર્થનમાં તે[illegible] કશ્યપ' ના પાત્રનો દાખલો આપે છે. આ નવલકથાના કળા સંવિધાનની આલોચના કરતા તેઓ જણાવે છે કે,

> ***"ભાવનાની સૂક્ષ્મતા ને રચનાની સ્થૂળતાનું ઉદાહરણ એમની 'દીપનિર્વાણ' નવલકથા છે. ગણતંત્રમાં એમને આસ્થા છે. આપણને પણ છે. પણ આ ગણતંત્રની ભાવનાનું સત્ય નવલકથામાં તો[illegible] દ્રારા ઉપજાવાય[illegible] તરિક અનિવાર્યતા માંથી નિષ્પન્ન થવું ઘટે."[૨૧]***

આમ, સંવિધાન વિષયક વિચારણા તેમજ ઘટનાનું કળાકૃતિમાં થતું રૂપાંતર જેવી બાબતો જ સુરેશ જોષીના કૃતિવિવેચનમાં વારંવાર પ્રત્યક્ષ થાય છે. આનું અનુસંધાન જાળવીને આ જ નબળાઇઓ 'રુચિ' સામયિકમાંપ્રગટ થયેલી દર્શકની જ નવલકથા '[illegible] ખ કરે છે. રમણલાલ દેસાઇની 'દિવ્યચક્ષુ' અંગે પણ તેમનો અભિપ્રાય ઊંચો નથી આ કૃતિને તેઓ રેઢિયાળ પ્રણય ત્રિકોણની રચના ગણાવે છે.

'શ્રૃણવન્તુ' નામના એમના વિવેચનસંગ્રહમાં 'છેલ્લા દાયકાનું ગુજરાતી સાહિત્ય' નામના લેખમાં તેઓ પંડિતયુગની વિવેચનપ્રવૃતિ અંગે ચર્ચા કર્યા બાદ કાવ્ય અને નવલિકાની સાંપ્રત પરિસ્થિતિ વિષયક ચર્ચા કરે છે. ત્યારબાદ નવલકથા સાહિત્યસ્વરૂપ ઉપર દ્દષ્ટિપાત કરતા નોંધે છે કે[illegible] કારોની સરખામણીમાં નવલકથાનું ઉત્પાદન વધારે થાય છે. આ 'ઉત્પાદન' શબ્દ જ ઘણું સૂ[illegible] કથાના સંદર્ભમાં તેઓ મડિયાની 'સધારા જેસંગ માળો' અને દિગીશ મહેતાની 'આપણો ઘડીક સંગ'

ને નમૂનારૂપ વ્યંગાત્મક આલેખનવાળી કૃતિ તરીકે વે છે કેપ્ર યોગશીલ કૃતિ તરીકે શ્રીકાંત શાહની 'અસ્તી' નવલકથાનો ઉલ્લેખ કરતા જણાવે છે કે,

***"શ્રીકાંત શાહ 'અસ્તી' ને કશા નામે ઓળખાવતા નથી, છતાં એમાં બને તેટલાં ઓછા વસ્તુસંદર્ભને કાવ્યના સ્તર પર રહીને નિરૂપવાનો પ્રયત્ન થયેલો છે."***[૨૨]

રાવજી પટેલની 'અશ્રૃઘર' અને 'ઝંઝા' વિશે સંતોષકારક અભિપ્રય આપતા જણાવે છે કે,

***"રાવજી પટેલે 'અશ્રુઘર'માં પણ કાવ્ય અને કથાનાં તાણાવાણાં ગૂંથી લીધાં છે. પ્રબળ જિવિષા અને આસન્ન મૃત્યુની પડે છે ગુંથાતા જતા તન્તુની તપત ઉપસી આવે છે. એમાં રહેલો વિષાદ સંપત અને આસ્વાદ્ય છે. 'ઝંઝા' માં પણ આવી જ કવિ ચેતના વ્યાપારશીલ બનેલી દેખાય છે."***[૨૩]

મકુન્દ પરીખની લઘુનવલ 'મહાભિનિષ્ક્રમણ' ને પણ તેઓ ઘટનાતત્ત્વના હ્રાસ અને સંવેદન નિરૂપણની દૃષ્ટિએ સારો પ્રયત્ન ગણાવે છે. તો વળી મધુરાયની 'ચહેરા' ને અનેક ચહેરા પહેરીને ફરતા ચહેરા વિનાના આજના માનવીની વિસંગતિના આલેખનને બિરદાવે છે. 'અમૃતા' ને તેઓ આજના મહત્ત્વાકાંક્ષી પ્રયોગ તરીકે વીને રઘુવીર ચૌધરી પાસેથી વધારે પ્રયોગશીલતાની અપે ખે દ્ર દવેની 'માધવ ક્યાંય નથી' માહમ્મદ માંકડની 'કાયર' અને 'ધુમ્મસ' તેમજ ધીરુબેન પટેલની 'વાંસનો અંકુ ઉલ્લેખપાત્ર ગણાવે છે.

ગુજરાતી નવલકથા મોટાભાગે 'બહુજનસુખાય'અને મનોરંજન મિશ્રિત છે. એવી ફરિયાદ સુરેશ જોષી એમની કારકિર્દીના આરં કરતાં આવ્યા છે. એ અંગે એમણે

આકરી આલોચના પણ કરી છે. જયારે સામાપક્ષે એમને થોડી-ઘણી પણ સંતોષકારક જણાયેલ કૃતિના માત્ર ઉલ્લેખો જ કર્યા છે અથવા બે-ચાર વિધાનો પૂરતી જ વિવેચનાને સીમિત કરી નાખી છે જે [illegible] કૃતિઓ, તેના ઘટકરૂપ તત્ત્વો, પરંપરાથી તેને જુદી પાડતી પ્રયોગશીલતાનો વિનિયોગ, પાત્રો તેમજ કથાનકના આલેખનમાં ગોચર થતા કળાતત્ત્વની સોદાહરણ ચર્ચા કરી હોત તો એનાથી ગુજરાતી વિવેચનસાહિત્ય તેમજ નવલકથાને ચોક્કસ ફાયદો થયો હોત તેમજ એના સૈદ્ધાંતિક વિવેચનો માત્ર શુકપાઠ જેવા ન લાગતા ચોક્કસ સંદર્ભ તેમજ સમર્થન મળતા વધારે રસપ્રદ બન્યા હોત.

## ૩.૪ પાશ્ચાત્ય/વિદેશી કૃતિઓનું વિવેચન

### ૩.૪.૧ ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ :-

'કથોપકથન' માં સુરેશ જોષી એ દોસ્તોયવ્સ્કીની 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ' નવલકથાની વિવેચના 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટની અર્વાચીનતા' શીર્ષક હેઠળ કરી છે. શીર્ષક પરથી જ સૂચિત થાય છે કે [illegible] કનો હેતુ અહીં કૃતિની અર્વાચીનતા સ્ફુટ કરવાનો છે. સુરેશ જોષીએ ગુજરાતી સાહિત્યની ઘણી ચર્ચાસ્પદ કૃતિઓ અને પાશ્ચાત્ય સાહિત્ય કૃતિઓની સમીક્ષા કરી છે. પરંતુ 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ' ની સમીક્ષા સૌથી સુદીર્ઘ છે અને સાત [illegible] કૃતિની સમીક્ષાનો હેતુ આગળ જણાવ્યુ તેમ અર્વાચીનતા સ્ફુટ કરવાનો છે. પરંતુ સાથે-સાથે [illegible] કૃતિનું સંવિધાનની દૃષ્ટિએ કલાપરક મૂલ્યાંકન કરે છે. તેમજ પાત્રોનું ઊંડું માનસશાસ્ત્રીય વિશ્લેષણ કરીને નવી જ આબોહવા રચી આપે છે.

સમીક્ષાની શરૂઆત સુરેશ [illegible] વ્સ્કીએ [illegible] ના રોગીષ્ઠ, ગુંગળાવનારી યાતનાપૂર્ણ આબોહવાના વર્ણનથી કરે છે. શહેરી જીવનમાં રહેલી

યાંત્રિકતા, માણસની સ્વયંની ઓળખને લું[redacted] કતા અને તેમાંથી પ્રગટતી એકલતા અંગે સુરેશ જોષીએ વાત કરી છે.

સમીક્ષાના બીજા ખં[redacted] ્સબર્ગની એ વિશિષ્ટ સૃષ્ટિ અને માનવમનની સૃષ્ટિની સામ્યતા નિરૂપવાની દોસ્તોયવ્સ્કીની તરકીબ પરત્વે વાચકને સભાન કરે છે. તેમજ ઝારશાહીના ઉલ્લેખ દ્વારા આ કૃતિના મુખ્ય પાત્ર રાસ્કોલનિકાવના વ્યકિતત્વની પૂર્વભૂમિકા બાંધવાનો પ્રયાસ કરે છે.'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ' ની સૃષ્ટિને વધુ નિકટતાથી તેમજ સઘનતાથી પામી શકાય એ માટે સુરેશ જોષી દાસ્તોયવ્સ્કીની 'ભોંયતળિયાનો આદમી' ગોત્ર સાથે માનવચેતના અને આંતરદ્વંદ્વની વાત મૂકી આપે છે. સાથે-સાથે દોસ્તોયવ્સ્કીના કળાવિષયક પાસાની નોંધ પણ લે છે. એમના જ શબ્દોમાં જોઈ એ[redacted]

***"મનુષ્યમાત્રમાં રહેલી પોતાની જાતને પ્રમાણિત કરવાની અનિવાર્યતા ને એમ કરવામાં જ પોતાને છિન્ન-ભિન્ન કરી નાખે[redacted] યાતનાઓનું ભારે સામર્થ્યથી નિરૂપણ કર્યું છે. રાસ્કોલનિકોવ સિવાયના બીજા પાત્રો કોઈને કોઈ રીતે રાસ્કોલનિકોવના જ અંશરૂપ છે. એવું[redacted] આખરે રાસ્કોલનિકોવ અને આપણે[redacted] ્તીતિ થાય છે. આ સિદ્ધ કરવામાં દોસ્તોયવ્સ્કીની કળાનો વિજય રહેલો છે."***[૨૪]

સમીક્ષાના ત્રીજા ખં[redacted] કોલનિકોવના માનસને ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે. સાથે-સાથે સુરેશ જોષીએ પણ સ્પષ્ટ કહ્યુ છે કે[redacted] કૃતિમાં પરપીડત, હત્યા, વિકૃત મનોદશા ને જાસૂસીના ભેદભરમ વાળી સામાન્ય લાગતી બાબતોનો ઉપયોગ અસામાન્ય પરિમાણોને નિપજાવવા કર્યો છે. શૂન્યની પડછે સ્વતંત્રતા ખડી કરવા મથતા અને

સ્વતંત્રતાને સિદ્ધ કરવામાં જ સ્વતંત્રતાનો છેદ ઉડાડી શૂન્યને ભેદતા નિયતિના પ્યાદા જેવા પાત્રોના આંતર બાહય વિશ્વનો પરિચય થાય છે.

આ ખં                    કુ          ેષી અન્ય વિવેચકોએ આ કૃતિ અંગે તારવેલા અભિપ્રાયો 'તિતિક્ષા દ્વારા મોક્ષ' વગેરેનો સબળ દલીલો અને દૃષ્ટાંતો દ્વારા છેદ ઉડાવે છે. ને આવા ખ્યાલોથી કૃતિનું મૂળ ગૌરવ હ્રસ્વ થાય છે એવું જણાવે છે.

સમીક્ષાના ચોથા ખં                    ાં જ દોસ્તોયવ્સ્કીનું સમય અંગેનું વિધાન ટાંકેછ "Time does not exist, time is a series of numbers, time is the relation of the existing to the non existent" આ વિધાનના આધારે તેઓ 'સમય' અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરે છે. જેની સાથે નવલકથામાં વણાયેલા સમયને સાંકળવાની ઘટનાઓ અને સ્વપ્નાવસ્થાની ઘટનાઓ જોડીને સમયના પરિમાણનો આભાસી વિસ્તાર સાધવાનો દોસ્તોયવ્સ્કીનો પ્રયત્ન દર્શાવી આપ્યો છે.

સમીક્ષાના પાંચમાં ખં                    ક સવાલ દ્વારા કરે છે. 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ' માં જે અપરાધ છે તે શેનો અપરાધ છે? કોનો અપરાધ છે? આ સવાલનો                    કે  કોલનિકોવનો અપરાધ માનવીની અપૂર્ણતા સ્વીકારી પૂર્ણતા ઝંખતા માનવી બનવાનો છે. 'માનવી અને અપરાધ' નું સુરેશ જોષી વ્યાપક ચિંતન આ નવલકથાના સંદર્ભમાં કરે છે. સાથે સાથે કાફકાની 'ધ ટ્રાયલ' અને દોસ્તોયવ્સ્કીની 'બ્રધર્સ કારામાઝોવ'ના પ્રસ્તુત ઉલ્લેખો કરે છે. આ કૃતિ માત્ર સામાન્ય જાસૂસકથા ન બની રહેતા કૈ          કૃતિ તરીકે          યા, દુન્યા, માર્મેલોદોવ, વગેરેના વ્યકિતત્વના રાસ્કોલનિકોવના વ્યકિતત્વ સાથે સામ્ય-અસામ્ય અંશો વગેરેની ચર્ચા કરે છે.

***"સોન્યા શુભતત્ત્વ અનુ[redacted] વિજય ને અશુભનો પરાભવ સૂચવે છે."[૨૫]***

સુરેશ જોષી પર મોટા ભાગે એ બાબતે આક્ષેપ કરવામાં આવ્યો છે કે[redacted] ગુજરાતી નવલકથા સંવિધાનની આલોચના કરી છે. જયારે પાશ્ચાત્ય નવલકથાની માત્ર પ્રસંશા કરી છે. પરંતુ આ વૈશ્વિક કૃતિના વિવેચનમાં તેઓ દોસ્તોયવ્સ્કીની શિથિલતા પકડી પાડે છે.

**જુઓ આ વિધાનો :**

***"બસ, એપિલોગથી દોસ્તોયવ્સ્કીને જે સિદ્ધિ કરવાનો લોભ હતો તે લોભ એણે જતો કર્યા હોત તો નવલકથાને કોઈ સહન કરવાનુ ન આવ્યુ[redacted] આ સ્વપ્ન દોસ્તોયવ્સ્કીએ આગળ યોજેલા સ્વપ્નો જેવું કળાની સામગ્રીરૂપ બની રહેતું નથી."[૨૬]***

સમીક્ષાના છઠ્ઠા ખ[redacted] તંત્રની આજુબાજુ વિશદ્તાથી ચર્ચા કરી છે. આ નવલકથાના રચનાકાળ સમયે દોસ્તોયવ્સ્કીનું જીવન કે[redacted] પસાર થતું હતુ તેનું ચિત્ર આપ્યા પછી રાસ્કોલનિકોવ, માર્મે[redacted] અને સ્વીદ્રિગેટલોવની આંતર સંબંધ ભૂમિકાઓ તેમજ સોન્યા, દુન્યા, બ્રુનની નિયતિ વિશે ચર્ચા કરી છે. સુરેશ જોષી નોંધે છે કે[redacted] કથાકારે હત્યાના પ્રસંગ માટે ઉતાવળ નથી કરી પણ હત્યા માટેની પૂર્વભૂમિકા અને નાટકની ચૈતસિક પ્રક્રિયાને વિકસાવી છે. આ પરિસ્થિતિને નાસ્તાસ્થાનતા ઉપાલમ્ભ, રાસ્કોલનિકોવની માતાનો પત્ર, માર્મેલાદોવનું અસ્તિત્વ વગેરે દ્વારા આબોહવા પૂરી પાડી છે. સાથે-સાથે રાસ્કોલનિકોવને આવતા સ્વપ્નના વિનિયોગમાં રહેલી દોસ્તોયવ્સ્કીની કળાસૂઝને બિરદાવી છે. સોન્યા સાથેના સંબંધની સંકુ[redacted]

સ્વીદ્રિગેતલોવની આત્મહત્યા દ્વારા આત્મ સ્વતંત્રતા મેળવવાના પ્રયાસની વ્યંજકતા વગેરે મર્મસ્થાનો સુરેશ જોષીએ ખૂબ ક બતાવ્યા છે.

સમીક્ષાના સાતમાં ખંડમાં કૃતિને અનુલક્ષીને જુદા-જુદા વિદ્વાનો દ્વારા જુદા - જુદા દૃષ્ટિકોણથી થયેલા વિવેચનો, વાદો-પ્રતિવાદોની ચર્ચા કરીને સુરેશ જોષીએ ધારેલી 'અર્વાચીનતા' સ્ફુટ કરી બતાવી છે. તેમજ માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણના આવિષ્કારનો ઉલ્લેખ કરીને બિરદાવી છે. એમના આ શબ્દો જ કૃતિની સમર્થતાનો ખ્યાલ આપે છે.

> ***"ફ્રોઈડના આગમન પહેલા એણે એ નવા ખે કરી આપી. વિજ્ઞાન જેનું શાસ્ત્ર રચવાનું હતું તેની કળામાં અવતારણા કરી આપીને યુગચેતના માટેના સમર્થ પ્રતિરૂપનો કળા દ્વારા આવિષ્કાર સાધી આપ્યો."[૨૭]***

**૩.૪.૨ નવો અવતારઃ**

લિયા તોલ્સતોયની 'નવો અવતાર' કૃતિની સુદીર્ઘ સમીક્ષા સુરેશ જોષીએ તેમના આઠમાં વિવેચનસંગ્રહ 'અષ્ટમો ક્ષામાં કૃતિવિષયક ચોક્કસ લખાણોને બદલે કૃતિમાં તોલ્સતોયે ચિંતનસ્વરૂપે મુકુ - સમજાવતા તે સૂફીમાં સરી પડે છે.

નાયક નેખ્યુલ્દોવની કાયદા અને ન્યાયવિષયક મથામણ અંગેનો આછેરો ખ્યાલ સિવાય ક્યાંય કથાવસ્તુ, અન્ય પાત્રો, ઘટનાસ્થળ વર્ણનવિષયક મુદ્દાઓને સ્થાન આપવામાં આવ્યું નથી પરંતુ કથાવસ્તુને સાંકળતા જુદા-જુદા મુદ્દાઓ અંગે ચિંતન જ કરવામાં આવ્યુ છે. આ સુદીર્ઘ સમીક્ષા કુ ખે

પ્રથમ ખે કાયદા વિષયક વિચારો રજુ કર્યાં છે. અહીં આપણે એ નકકી નથી કરી શકતા કે કે કાયદા અને માનવના સંબંધમાં તેઓ જણાવે છે કે,

***"કાયદો જ્યારે માનવને કેન્દ્રમાં નથી રાખતો, માનવીને ગૌણ બનાવીને કાયદાના પાલનને જ મહત્ત્વનું માનવામાં આવે છે. ત્યારે માનવીના 'પક્ષકાર' થવાની આપણી ફરજ થઈ પડે છે."*** [૨૮]

ત્યારબાદ કળા બહુજનસુખાય હોય કે ... પૂરતી જ મર્યાદિત હોય એ મુદ્દ ચર્ચા છે. અહીં સુરેશ જોષી તોલ્સતોયની ડાયરીનો ઉલ્લેખ કરે છે. તેમજ બાઈબલના ઉપહંશનુ પણ આ કૃતિ દ્વારા સમર્થન કર્યું છે. માનવ્ય, સતા, કાયદો વગેરે વિષય ઉપર વ્યાપક અને વિશદ્ ચર્ચા કરી છે. સાથે આ કૃતિમાં ઠેર-ઠેર ઘુ... શ્ન કે, કયા હકથી એક વ્યકિત બીજી વ્યકિત પર નિયમ લાદી શકે? ઊઠાવ્યો છે.

સુરેશ જોષીની વિવેચક તરીકે... કત અને વિશ્લેષણશકિત અદ્દ્ભૂત છે. તેઓ તોલ્સતોયની પ્રારંભની કૃતિ 'ચાઈલ્ડાહૂડ, બોયહૂડ એન્ડ યુથ' ના નાયકને આ કૃતિના નાયક નેખ્યુલદોવની પરિવર્તિત આવૃતિ જ લેખાવે છે.

સમીક્ષાના બીજા ખ્ં... ક નેખ્યું... ।અને અસુખકરની લાગણી તેમજ ગુંગળામણ ને એના કારણો વિષયક ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે. ન્યાયપંચમાં બેસતી વખતની એની ગડમથલો અને પોતે જેને ફસાવી હતી એના જ ગુનાનો ન્યાય કરવાનો આવે છે. એ પરિસ્થિતિ દ્વારા ઉત્પન્ન થયેલ વૈચારિક સંઘર્ષની ચર્ચા છે. સુરેશ જોષી વિચારપ્રક્રિયા સાથે-સાથે કૃતિનું સંવિધાન પણ તપાસતા રહે છે. એમનું માનવું છે કે,

***"'નવો અવતાર'નું રચનાતંત્ર કંઈક નિરાશાજનક છે. તોલ્સતોય આ ધારા-ધોરણો વિશે આપણને ફેરતપાસ કરવા પ્રે... કથામાં મૂકે... કદમો આપણને જરા નાટકી લાગે છે."*** [૨૯]

સમીક્ષાના ત્રીજા ખં[redacted] કન્યાનાટકની પસંદગી, સાંસ્કૃતિક મૂલ્યો અને માનવસંદર્ભોને યોગ્ય ઠેરવે છે. તોલ્સતોયની નિરૂપણરીતિ અંગે તેઓ જણાવે છે કે,

> ***"આ નવલકથાનું દાર્શનિક પાસું નબળું લાગે છે. પણ માનવસંદર્ભને રજુ કરવામાં એની કળાકાર તરીકે[redacted] કત વરતાયા વગર રહેતી નથી."*** [30]

> ***"'જીવનદર્શન સાહિત્યકૃતિને ઘાટ આપી શકે[redacted] ળા પણ રહેલું છે તે આ કૃતિ પુરવાર કરી આપે છે. વાસ્તવમાં તો સાહિત્યક અપેક્ષાઓ વૈચારિક પરિણામો અંગે નિર્ણાયક નીવડતી દેખાય છે."*** [31]

કળા, સાહિત્ય, જીવનમૂલ્યો, માનવીની આંતરિક ચેતના, સામાજિક-સાંસ્કૃતિક, રાજકીય, નૈતિક વગેરે પરિપ્રક્ષ્યોની તેમજ ન્યાય-અન્યાય, સારું-નરસું, દ્વૈત-અદ્વૈત અને એ સંદર્ભમાં રોજ બરોજની વાસ્તવિક દુનિયા વગેરે વિષયક ચર્ચા કરી સુરેશ જોષીએ આ નવલકથાના સંદર્ભમાં કરી છે.

તોલ્સતોયના 'નૈતિક' આશયોનો 'દાર્શનિક' આશયો જોડે મેળ ખાતો નથી એવા વિધાનથી જ સુરેશ જોષીએ સમીક્ષાના ચોથા ખં[redacted] કરી છે. તેમજ સાઈબીરિયાના કૃત્રિમ સમાજની તોલ્સતોયની કલ્પનાને અબુધ ગણાવીને કટાક્ષ કર્યા છે કે આપણી સુઝ અને અબુધપણા વચ્ચેની વ્યાવર્તક રેખા ઘણી પાતળી હોય છે. અહીં તોલ્સતોયની 'ફાર્મ'ની કલ્પના તેમજ ફ્રોઈડની પરિભાષાની વાત સુધી સુરેશ જોષીએ વિશ્લેષણાત્મક દષ્ટિને વિસ્તારી છે. ન્યાય, કાનુન, શિક્ષાવિષયક, ફિલસૂફીનું ઊંડાણપૂર્વકનું ચિંતન આ ખં[redacted] કૃતિની સફળતા-નિષ્ફળતા અંગે ખુ[redacted] માર્મિક વિધાન કરે છે. જે એમની પરખશકિતનો ઉમદા નમુનો બની રહે છે જુઓઃ

*"આધુનિકતાને એના રસકીય અંશો પૂરતી એણે વખોડી કાઢી છતાં એણે એવી નવલકથા લખી જે રસકીય મૂલ્યોની દૃષ્ટિએ સારી ગણી શકાય. નૈતિક સમસ્યા તો એનાથી ઉકે[redacted] કાઈ નથી, દાર્શનિક પાસું જોઈએ તો નવલકથા નિષ્ફળ નીવડી છે. એ નિષ્ફળતાનું કારણ નૈતિક સમસ્યાને એણે કળાનો વિષય બનાવી તે છે. આ જ કદાચ તોલ્સતું[redacted]*

*નિષ્ફળ ગયો તે જ કારણે આ કૃતિ નવલકથા તરીકે[redacted] "[૩૨]*

**૩.૪.૩ ' ધ કે[redacted] - દુર્ગ / ફ્રાન્ઝ કાફકા કૃત 'ધ કે[redacted] :**

'ધ કે[redacted] કથાના કથાનકને અનુરૂપ એવી ચિંતનશીલ ભૂમિકા બાંધી આપે છે. આશાવાદનો[redacted] ઊડી જતો ભે[redacted] કાકીપણું અને લાચારીનો વિષાદ વગેરે પરિમાણોની આજુ-બાજુ કાફકાએ આ નવલકથાની રચના કરી છે. જે સુરેશ જોષી એ વાચક સમક્ષ સ્પષ્ટ કરી આપી છે.

સુરેશ જોષી કાફકાની કૃતિના અંતઃતત્ત્વને બરાબર પીછાણે છે અને એના કળાકૃતિ તરીકે[redacted] ખેછ કૃતિની સમીક્ષામાં તેઓ જણાવે છે તેમ,

*"કાફકાની કળાકાર તરીકે[redacted] કત એ છે કે[redacted] ્વૃતિની વાત કરવા માટે એ, લગભગ તુચ્છને નજીવી લાગે એવી અલ્પ સામગ્રીનો ઉપયોગ કરે છે......*

*ઈતિવૃતનો દરેક અંશ પ્રતીકાત્મક બનીને નવલકથાના મર્મના પરિમાણનો બૃહ્દ્ત વિસ્તાર આપે એવી એવી અસાધારણ એની રચનાશકિત છે.*

*આમ છતા, એમાં એક પ્રકારની નિર્વ્યાજ સરળતા રહેલી છે, ને તે અસાવધ વાચકને ભુલાવામાં નાખી દે છે.”[૩૩]*

આટલી સ્પષ્ટતા બાદ સુરેશ જોષી ‘દુર્ગ’ના કથાનકની સંક્ષેપમાં પ્રતીકાત્મક સંકેત કેલીને રસપ્રદ ચર્ચા કરે છે. ‘દુર્ગ’ એ પોતાનામાંથી જ બહિષ્કૃત માનવીની કથા છે. નવલકથાનો નાયક ‘ક’ પુલ ઓળંગીને ગામમાં મોજણીદાર તરીકે ધુમ્મસમાં ઢંકાયેલા દુર્ગના આભાસમાં એ પોતાના અસ્તિત્વને હરપળે સાબિત કરવા ઝઝૂમે છે. વળી ‘ક’ પોતાને મળતા બે મદદનીશ આર્થર અને જેરમિયાદ માં કિકગાર્દ જેને other self કહે છે. તેના દર્શન કરે છે ગામનો મુખી, સંદેશવાહક બાર્નાબાસ તથા તેની બહેનો આલ્ગા અને આમાલિયા, ચહેરાની અનિશ્ચિતતા ધરાવતો કલામ, ફ્રીડા નામની એની રખાત, આમાલિયા પર કુ કરનાર સોર્તિની વગેરે દ્વારા માનવીના જીવનની અસંવિતિની આબોહવા નીપજાવી છે.

એક રાત માટે પ્રેમ કરનારી કલામની રખાત ફ્રીડા, સોર્તિનીના કારણે મરણતોલ અવસ્થા સુધી અમલદારની રાહ જોતો આમાલિયાનો બાપુ, ચહેરા વગરનો કલામ, મોજણીદારની જરૂર નથી એવા સંદેશાની અસ્પષ્ટતા, અમલદારો, દુર-દુર સરી જતો દુર્ગ અને આ બધાને પરિણામે પોતાને દૃઢ રીતે સ્થાપિત કરવાની સ્થિતિથી દુર ને દુર સર્યે જતો ‘ક’ આ પરિસ્થિતિ અંતહીન છે જેથી કથા પણ અંતહીન લાગી શકે

સુરેશ જોષી જણાવે છે કે કથાના ગૃહીતો સ્થાપવા અને રૂપકગ્રંથિ શોધવાના તેમજ પોતાને અભિમત સમીકરણો મો પ્રતીક લેખે યત્નો થયા છે. પરંતુ સુરેશ જોષી સમગ્ર કથાનકને કૈ તિ, પિકાસોના ચિત્રોના વક્રીકરણ અને દોસ્તોયવ્સ્કીની નવલકથાના વિપરીત ભાવો સાથે સાંકળીને તેમજ કાફકાની બીજી નવલકથા ‘મુકદમો’ અને ‘મટામોર્ફાસિસ’ ની અલ્પ ચર્ચા

કરીને જીવનની સાચી વાસ્તવિકતા કૈ ને જુગુપ્સાપ્રરક છે તેમજ સાધન જ સાધ્યને ભક્ષી જાય તેવી કુ કર્યું છે.

### ૩.૪.૪ કેમ્યુની કૃતિઓ :-

**૧) આઉટ સાઈડર**

**૨) ધ પ્લેગ**

**૩) ધ ફોલ**

**૪) નાટકો**

સુરેશ જોષીએ ‘અનુકમ્પાશીલ માનવ’ શીર્ષક હેઠળ કું ખ્યાલની તેમજ એમની કૃતિઓની આ ખ્યાલના સંદર્ભમાં ચર્ચા કરી છે. સુરેશ જોષી એમના લેખની શરૂઆત કુ કસ્મિક મરણ અંગે એમની પ્રતિક્રિયા કૈ જેવા મર્મવેધી વાકયથી કરે છે. અને સુસંબ્ધ લાગતા સમાજમાં પ્રવર્તતી અસંગતિ, તર્કબદ્ધ કશું જ ન કહી શકાય એવી નિયતિના ચક્રવ્યુહમાં ફસાયેલો માનવી વગેરે અંગે ચર્ચા કરીને એના હાર્દને એની કૃતિમાં દર્શાવી આપેછ

મોટા ભાગે નવલકથાના વિવેચનમાં કૃતિના કથાનક વિશે, એના પાત્રો વિશે, એના સામાજિક, સાંસ્કૃતિક સંદર્ભ અંગે, કૃતિના વાતાવરણ અને મૂલ્યો અંગે, ઘટનાવર્ણન અંગે ચર્ચા કરવામાં આવે છે. જયારે સુરેશ જોષી એનાથી અલગ રીતે જ કૃતિની સંવિધાનલક્ષી તપાસ આદરે છે અને વસ્તુવિષયક કુ કળાસ્વરૂપ પામીને સંવિધાનમાં એકરૂપ બને છે કૈ કરે છે.

સુરેશ જાષી ‘આઉટસાઈડર’ અંગે જણાવે છે કે,

***"વાર્તાનાયકના મુખે કહેવાઈ છે. આવી યોજનામાં પોતાનું આત્મગત માનસશાસ્ત્રીય ઝીણવટથી તંતોતત તપાસવાની જોગવાઈ છે. પણ કુ આત્મલક્ષી સ્વગતોક્તિમાં પરલક્ષિતાના ગુણને ઉપજાવે છે."***[૩૪]

વાર્તાનો આરંભ, શરૂઆતની અનલંકૃત ભાષા, પ્રથમ ભાગમાં આરંભમા આરબની હત્યાના પ્રસંગ બાદ ગદ્યમાં પ્રવેશતો દ્રુત લય, બીજાભાગમાં અદાલતમાં ચાલતો ખટલો, માતાના મરણ અંગેની નિર્લિપ્તતાને હત્યા સાથે સાંકળવામાં આવતો પ્રસંગ, પાદરી પાસે નાયકનું હૃદયપૂર્વક સમર્પણ વગેરે વિશે સંક્ષેપમાં સુરેશ જોષી ચર્ચા કરીને કથનમાં જ રહસ્યને પ્રગટ કરતી આ લઘુનવલને એના સંવિધાન અને કળાના વિરલ સાંમજસ્યના કારણે કું કૃતિ ગણાવે છે.

કું કથામાં અલ્જીરિયામાંના ઓશન નામના શહેરમાં ફાટી નીકળેલા 'પ્લેગ' ના સંદર્ભને પ્રતીક તરીકે કે કુ કરી છે તે સુરેશ જોષી બતાવી આપે છે.

મહામારીના વિશિષ્ટ સંજોગોની જુદા-જુદા પાત્રોના વર્તન પર થતી અસરો, મહામારી સામે ઝૂઝતી વખતે માનવ-માનવ વચ્ચે ઉદ્ભવેલા આત્મીયતાના સંબંધને અનિષ્ટના વિદ્રોહમાંથી જન્મેલા મૂલ્ય તરીકે વાચકને વાકેફ કરે છે.

નિષ્પાપ બાળકના મૃત્યુની જવાબદારી કોની? એવા વેધક સવાલથી તેમજ દાકતર Rieux નું મોત સામે ઝઝૂમતા બાળક સાથે થતું સંધાન, Tarrou ની સંતથવાની મહેચ્છા જેવા તણાવને ગોઠવીને કુ ચવે છે કું થી પણ વધારે મહત્ત્વાકાંક્ષા ભર્યું છે.

Tarrou નું મૃત્યુ, દાકતરની પત્નીનું સેનેટોરિયમમાં થતું મૃત્યુ, મહામારીના જન્તુની માથું ઊચકવાની ચિંતામાં દરિયાકાંઠેઅ કલા ઊભેલા દાકતર Rieux વગેરેનો ઉલ્લેખ કરીને સુરેશ જોષી કુ કૃતિના સૂચિત્તાર્થો ઉકે ્યાસ આદરે છે. તેમજ કૃતિની થયેલી પ્રતીકાત્મક વિવેચના અને સાર્ત્ર તેમજ કુ કોણની વિશદ્તાથી ચર્ચા કરે છે.

'ધ ફોલ' એ કુ કથા છે. સુરેશ જોષી એને સૌથી સન્દિગ્ધ કૃતિ કહે છે. તેમજ શ્રોતાને અધ્યાહાર રાખીને એકાકિત સ્વરૂપે કહેવાયેલી કૃતિના સારાં-નરસાં પાસાની ચર્ચા કરે છે. નાયક ક્લેમેન્સ પાણીમાં ડુબતી સ્ત્રીને ન બચાવી શકવાના કારણે નિર્ભ્રાન્ત થઇ જાય છે. તેમજ પોતાની જ હાંસી ઉડાવવા લાગે છે. ભગવાનને છોડનારા પણ ન્યાયના નામે પાપવૃતિને ન છોડનારા યુરોપના લોકોના પ્રતિનિધિ એવા ક્લેમેન્સનું રુદન પણ વંધ્ય છે એવું કુ
આ કૃતિમાં કુ ક નવી જ છટા પ્રગટાવી છે એ તરફ વાચકનું ધ્યાન પણ દોરે છે.

**નાટકોઃ**

કુ એ કુ કોનું સર્જન કર્યુ છે. જેમાંથી 'કુ 'ક્રોસપરપઝ' વિશે સુરેશ જોષીએ વિવેચન કર્યુ છે.

'કુ કમાં કુ કૈ ્યતમા પણ હોય છે એના મરણથી એને વિશ્વમાં રહેલી અસંગતિનું વિરક્તિ પ્રગટે છે. વિરક્તિના બળને પ્રગટાવવાં સમર્થ અસંગતિ જ કૈ કુ નાટકનું એક મૂલ્ય બની રહે છે તેનો સુરેશ જોષીએ નિર્દેશ કરેલો છે.

'ક્રોસપરપઝ' નાટકમાં પૈસા અને સ્વાર્થમાં અંધ મા દીકરી કૈ અંતરમાં લોહીના સૈ ષ પુત્ર-ભાઇનું કાસળ કાઢી નાખેછ એની વાત છે. નાટકના અંતમાં દીકરાની પત્ની મારિયા ઘુંટાણિયે પડીને ઇશ્વરનું રક્ષણ માંગે છે. ત્યારે સામે ભગવાનનાં બદલે એનાં પતિને ઝેર આપનાર બહેરી નોકરડી ઊભી હોય છે એ પ્રસંગ સૂચક રીતે વ્યંજિત કરીને એના વ્યંગ્યાર્થો તારવ્યા છે અને અસંગતિની પરાકાષ્ઠા સાધી બતાવી છે.

## ૩.૪.૫ ઇ. એમ. ફોર્સ્ટર ની નવલકથાઓ:-

ઇ. એમ. ફોર્સ્ટરની પાંચ નવલકથાની સમીક્ષા સુરેશ જોષીએ એમના વિવેચનગ્રં "ઇ. એમ. ફોર્સ્ટર : અખિલાઇની આરત" શીર્ષક હેઠળ કરી છે. જેના નામ અને પ્રકાશન સાથેની યાદી નીચે મુજબ છે.

| **નામ** | **પ્રકાશન સાલ** |
|---|---|
| ૧) વ્હેર એન્જલ્સ ફિયર ટુ ટ્રેડ | ૧૯૦૫ |
| ૨) ધ લોન્ગેસ્ટ જર્ની | ૧૯૦૭ |
| ૩) એ રૂમ થિ વ્યૂ | ૧૯૦૮ |
| ૪) હાવર્ડઝ્ એન્ડ | ૧૯૧૦ |
| ૫) એ પેસેજ ટુ ઇન્ડિયા | ૧૯૨૪ |

સમીક્ષા શરૂઆતમાં તો એવું જ લાગે છે કે ોર્સ્ટરની ક્ષતિઓની ચર્ચા કરવા ધાર્યું છે. તેઓ જણાવે છે કે રની કૃતિઓમાં આકર્ષક વિષયો ધર્મ અને રાજકારણની વાત નથી કૈ યોગશીલ દૃષ્ટિ; તરત જ તેઓ વળાંક લે છે અને જણાવે છે કેઊંચી કાઠીના સર્જકમાં વિધાયક

બળરૂપે રહેલી એક ભાવના હોય છે; અને તે છે અખિલાઇની આરત. લેખના શીર્ષકનો પડઘો પાડીને એમણે ફોર્સ્ટરની કૃતિઓનું મૂલ્યાંકન અખિલાઇનાં સંદર્ભ માં કર્યું છે.

ફોર્સ્ટરની નવલકથાઓ અંગે વાત કરતી વખતે તેઓ એમની નવલિકા 'ધ ઇટર્નલ મોમેન્ટ' નો ઉલ્લેખ કરીને જણાવે છે કે નિ નવલકથાઓમાં પણ ઝીલાયો છે.

ઇ. સ. ૧૯૦૫ માં પ્રકાશિત થયેલી નવલકથા 'વ્હેર એન્જલ્સ ફિયર ટુ ટ્રેડ' ઇ. એમ. ફોર્સ્ટરની પ્રથમ નવલકથા છે. સુરેશ જોષી આ કૃતિનાં કથાનકનું કું મધ્યમવર્ગની ગામડિયણ પુત્રવધૂ લીલીઆને સુઘડ બનાવવા કું કૃત ઇટાલીમાં મોકલવામાં આવે છે. ત્યાં એની જિંદગીમાં પ્રવેશતો જીનો, એનાથી દુર કરવા હેરિયેટના ઉધામા, ફિલિપ-કે ની સંતતિ માટેની આદિમ આવેગિક ઝંખના વગેરેનું સંયોજન આ કથામાં છે. સુરેશ જોષી આ કૃતિના કથાનકને વર્ણવીને એમાં અખિલાઇ શોધવાનો પ્રયાસ કરે છે. સાથે તટસ્થતાપૂર્વક સમતોલન જાળવીને સારાં નરસાં પાસા તરફ અંગુલિનિર્દેશ પણ કરે છે. જોઇએ એમના જ શબ્દોમાંઃ

> ***"આ વાર્તામાં પાત્રનાં અકારણ મૃત્યુ, અકસ્માત, ઘટનાનું કાકતાલીય સંયોજન, વાર્તાપ્રવાહમાં લેખકની દરમિયાનગીરી આવા સામાન્ય દોષો તો છે જ તેમ છતાં નર્મમર્મથી ભરેલી એની શૈલી આ વાર્તાને રોચક અને સુખપાઠય બનાવે છે. આ નવલકથાના પાત્રો જ જાણે વધુ વિ કાસ પામીને, નવા નવા સંદર્ભ અને પરિવેશમાં અખિલાઇનો સાક્ષાત્કાર કરવાને મથતા રહે છે."*** [૩૫]

ઇ. સ. ૧૯૦૭ માં પ્રગટ ઊયેલી ઇ. એમ. ફોર્સ્ટરની નવલકથા 'ધ લોન્ગેસ્ટ જર્ની' ની સમીક્ષામાં સુરેશ જોષીએ આગળની નવલ કથાની સમીક્ષાનો જ રાહ અપનાવ્યો છે.

અહીં પ્રથમ તેઓ કથાવસ્તુનું વર્ણન સંક્ષેપમાં કરે છે અને પછી તેમાંના કેન્દ્ર વર્તી વિચારનું ચિંતન કરીને સિદ્ધિ-મર્યાદાની ચર્ચા કરે છે.

આ નવલકથાનો નાયક રિકી પોતાની માનસિક કલ્પનાથી પોતાને અનુકૂળ એવી છબિ નાયિકા એગ્નિસમાં શોધે છે. જે એના જીવનની કરુણતાનું કારણ બને છે. એગ્નિસ વયમાં રીકી કરતાં મોટી છે, તેગેરાલ્ડ સાથે પ્રણયની ભરતી અનુભવી ચૂકી છે. રીકીનો સાવકો ભાઇ સ્ટેફન, રીકીના તુમાખીખોર પિતા અને દુષ્ટ ફોઇ ફોઈલીંગ, એગ્નિસનો ભાઇ વગેરે આ નવલકથાના અન્ય મહત્ત્વપૂર્ણ પાત્રો છે.

સુરેશ જોષી સમીક્ષાની શરૂઆતમાં જણાવે છે કે શું ક છે અને શું આભાસી છે એની મથામણ આ વાર્તામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

સમીક્ષા આગળ ધપાવતા અને કથાનક વિશે વર્ણન કરતાં તાલમેલિયાપણાથી આવતાં કરુણ અંત તરફ નિર્દેશ કરે છે. આ નવલકથા અંગે એમના જ શબ્દોમાં એમનો અભિપ્રાય નોંધીએ,

***“આ નવલકથા સંવિધાનની દૃષ્ટિએ અધુરી, શિથિલ રચનાવાળી લાગે છે. પણ એમાંના સંઘર્ષની નાટયાત્મકતા એને સવિશેષ આસ્વાદ્ય બનાવે છે.”***[૩૭]

અહી સુરેશ જોષીની સંવિધાનકલાની પરખ અને સંઘર્ષની નાટયાત્મકતાને પકડવાની સૂક્ષ્મ વિવેકશકિતના દર્શન થાય છે.

ઇ. સ. ૧૯૦૮માં પ્રકાશિત થયેલી ‘એ રૂમ વિથ વ્યુ’ ની સમીક્ષામાં સુરેશ જોષી જણાવે છે કે ક અને આભાસી વચ્ચેના વિવેકનો આભાવ આ વાર્તામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

લ્યુસી નામની યુવતી જીઆટોના ચિત્રો ખરીદવા ઇટાલી જાય છે ત્યાં બે માણસો વચ્ચેની બોલચાલમાં એક વ્યકિત બીજી વ્યકિતને છરી હુલાવી દે છે. એના ચિત્રો

લોહીથી રંગાઇ જાય છે. સુરેશ જોષી જણાવે છે કે ખી વાર્તામાં ધ્વનિવિસ્તાર સાધતી પ્રતીકાત્મક ઘટના છે કે કળા ઉપર જીવનનાં લોહીનો રંગ છે. સુરેશ જોષીને આ વાર્તાનું વસ્તુ પાંખું તાની કું એમર્સનનો પુત્ર જયોર્જ કશાક અજાણ્યા વિષાદથી પરવશ છે. કૃતિમાં સેસિલ નામનુ પાત્ર પણ લ્યુસીના જીવનમાં આવે છે. પણ લ્યુસી ફરીથી સંજોગવશ જયોર્જને મળે છે. સુરેશ જોષી જણાવે છે કેપ્રથમ જયાર્જનું, બીજુ સેસિલનું ને ત્રીજું જયોર્જનું એ ત્રણ ચુંમ્બનોની વચ્ચે લ્યુસીનુ જીવન અને કથાનક સમેટાઇ જાય છે.

ઇ.સ. ૧૯૧૦માં પ્રગટ થયેલી 'હાવર્ડ્ઝ એન્ડ' ફોર્સ્ટરની માપદંડરૂપ બનેલી નવલકથા છે. સુરેશ જોષી શરૂઆતમાં જ એની સાહિત્યકતા અને પ્રતીકાત્મકતાનો નિર્દશ કરીને વિષયની સ્પષ્ટતા કરતા કહે છે કે કૃતિનો વિષય માનવ-માનવ વચ્ચેના વ્યવહારનો સનાતન વિષય છે. સમીક્ષાની શરૂઆતમાં આગળની ત્રણ નવલકથાની સમીક્ષાનું અનુસંધાન સાધતા જણાવે છે કે કૃતિ વસ્તુ વિકાસની દષ્ટિએ મોટું ફલક ધરાવે છે.

જર્મન પિતા અને અંગ્રે રેટ અને શ્લેગેલ નામની સુશિક્ષિત યુવતીઓ, ઉચ્ચ મધ્યમવર્ગીય વિલકોક્ષ કું ખાસ જોડેના એમના પરિચયો, આકસ્મિક મૃત્યુ પામતી પ્રભાવશાળી રુથ વિલકોક્ષ તેમજ પોલ જેકી વગેરે મુખ્ય પાત્રેની આસપાસ ગુંથાયેલી કથામાં સ્ત્રી અને પુરૂષ વચ્ચેના સંબંધોની સંકું -પુરૂષની એકબીજા પ્રત્યેની ઝંખના વગેરે આલેખનનો સુરેશ જોષી પરિચય આપે છે. તેમજ વાર્તામાં નિર્દશ પામેલા પ્રત્તીકો તરફ વાચકને સભાન કરે છે.

ઘાસ વચ્ચે પડેલી 'હાવર્ડઝ એન્ડ' ની ચાવી, મરતા લિયોનાર્ડ પર પુસ્તકોનું પડવું, ઘાસના તણખલાં, માર્ગારેટનાં હાથમાંનાં જંગલી વનસ્પતિનાં ઝુમખા, બિથોવનની

પાંચમી સિમ્ફની વગેરે પ્રતીકોનો વિનિયોગ ફોર્સ્ટરે કે સંદર્ભમાં અને કઈ સામ્યતા તથા વિરોધાભાસ દર્શાવવા કર્યાં છે તે ખૂ પૂર્ણ રીતે સમજાવ્યું છે. સુરેશ જોષી જણાવે છે કે કૃતિમાં ફોર્સ્ટરની સૂક્ષ્મ કળાદૃષ્ટિનો પરિચય થાય છે. જયારે આપણને અહીં સુરેશ જોષીની સૂક્ષ્મ વિવેચન શકિતનો પરિચય થાય છે.

ઇ. સ. ૧૯૨૪ માં પ્રકટ થયેલી ફોર્સ્ટરની છેલ્લી નવલકથા ‘એ પેસેજ ટુ ઇન્ડિયા’ ની સુરેશ જોષીએ દીર્ઘ સમીક્ષા આપી છે.

સમીક્ષાની શરૂઆતમાં જ તેઓ વિષયની વ્યાપકતાને દર્શાવતા જણાવે છે કે ફોર્સ્ટરે જુદી-જુદી સંસ્કૃતિ, ધર્મ, શિક્ષિત-અશિક્ષિત સમૂહોને આ કૃતિમાં વણી લીધા છે. ડો.અઝીઝ, પ્રિન્સિપાલ ફિલ્ડિંગ, ચંદ્રપોરના અંગ્રેજ અમલદાર રોનીની મા, મિસિસ મૂર, રોનીને પરણવા ઇચ્છનાર એડેલા, પ્રોફેસર ગોડબોલે આસપાસ વણાયેલ કથાતંતુની સાથે સાથે ફોર્સ્ટરે ત્રણ ખં ફ્ર તેમજ ત્રણ ભારતીય ઋતુઓને પણ સંકે ક રીતે વણી લીધા છે.

સુરેશ જોષી આ તાણાવાણાના સંબંધોને ઉકે ક્રને લેખકના રચનાકૌ અને પ્રતીકોના અર્થનો પરિચય કરાવે છે. સુરેશ જોષી જણાવે છે કે,

> ***“યાં ક રીતે ઉપજાવેલી કું કોઇ કરામત નથી; એની સંકુ ણ વસ્તુની સંકુ કુ કાસ સાથે વધુને વધુ સંકુ ”*** [૩૮]

પ્રતિધ્વનિ કું તીક, ભમતી અને મધમાખીનુંપ્રતીક, મિસિસ મૂર દ્વારા ભમરીને સંબોધન વગેરેના આલેખનના સુરેશ જોષીએ મર્મસ્થાનો ચીંધી બતાવ્યા છે. કથાવસ્તુ કરતાયે કૃતિનો કેન્દ્રવર્તી વિચાર દર્શાવવાનો સુરેશ જોષીનો પ્રયાસ છે. છતાં તેઓએ અમુક માર્મિક પ્રશ્નો તો ઉઠાવ્યો જ છે. જેવા કું ?

કૃતિમાં હિન્દુધર્મનો પ્રભાવ કે[redacted] ય છે? હિન્દીઓ નબળા ને લાગણીપોચા છે અને અંગ્રેજો ખરાબ એવું એકાંગી વર્ણન સુરેશ જોષીને રૂચતું નથી. અતિ આદર પામેલી આ નવલકથાની મર્યાદા દર્શાવતા સુરેશ જોષી જણાવે છે,

***"પાત્રોના અકાળ મૃત્યુ, ઘટનાની કે[redacted] કવાર કાકતાલીય યોજના અને અનુપસ્થિત પાત્રોનો જ કાર્યના વિકાસ અને નિયંત્રણમાં ઝાઝો ફાળો. સમસ્યા અને તેના ઉકે[redacted] સૂચન બરાબર હોય ત્યાંય એ નવલકથામાં વસ્તુવિકાસ દરમિયાન વિરોધી પરિબળો સાથેની નક્કર અથડામણમાં આવીને બરાબર ઘાટ પામે એમ હંમેશા બનતુ નથી. વિરોધમાં પડ છે. મૂકે[redacted] કે[redacted] ક વાર તુલ્યગુણ કે તુલ્યબળ હોતા નથી."[૩૯]***

### ૩.૫ ગુજરાતી ભાષાનાં કાવ્યોનું વિવેચન

'ગુજરાતી કવિતાનો આસ્વાદ' શીર્ષક હેઠળ 'વિશ્વમાનવ' માં સુરેશ જોષીએ આસ્વાદશ્રેણી આપીને વ્યવહારની ભાષામાંથી કવિ કે[redacted] કે[redacted] ગટાવી શકે[redacted] વિવેચક ભાવક અને કવિ વચ્ચે મધ્યથીનું કાર્ય કરીને અનોખો સેતુ રચી આપીને એક નવા જ ભાવવિશ્વમાં વિહાર કરાવી શકે[redacted] રચનાઓને 'ગુજરાતી કવતિાનો આસ્વાદ' શીર્ષક હેઠળ ગ્રં[redacted] કરી જે ક્રમમાં એમણે ગોઠવી છે એ દ્વારા ગુજરાતી કવિતાની એક આગવી વિકાસયાત્રાનો પણ પરિચય થાય છે.

'ગુજરાતી કવિતાનો આસ્વાદ' ને સુરેશ જોષી દુ:સાહસ ગણાવે છે અને પોતાના દુ:સાહસ અંગે ખુ[redacted] કે,

***"કાવ્યના રસાસ્વાદને અપ્રસ્તુત એવા અનેક પ્રશ્નોની 'વિદ્વતાપૂર્ણ' ચર્ચાઓ તદ્વિદો કરતા રહે, પણ એમની પરિભાષા પોતે જ વાડ બનીને પૃથક્જનને કાવ્યથી દૂર રાખે[redacted] કાવ્યનેય કશો લાભ ન થાય."[૪૦]***

મતલબ [redacted] ચર્ચા અને પરિભાષાના કોચલામાં [redacted] કાવ્યને જ સીધો લાભ કરવાનો. એમના આ સમગ્ર આસ્વાદ લેખમાં[redacted] પસાર થતાં જણાશે [redacted]

રૂપરચનાવાદી અભિગમ [redacted] કોઈ ચોકઠાના અભિગમના સંદર્ભમાં કરાવ્યો નથી તેમજ કૃતિના ઘટકોની ચર્ચા સમગ્ર કૃતિને ધ્યાનમાં રાખીને કરી છે. વળી, અન્ય બિનજરૂરી ચર્ચા જેવી કે, કવિને કાવ્યની સ્ફુરણા [redacted] સંજોગોમાં રચના કરી? કવિનું પૂર્વજીવન અને વિગતો ટાળીને માત્ર કાવ્યકૃતિને જ કેન્દ્રમાં રાખીને ચર્ચા કરી છે. જે એમનું જમાપાસું છે. પરંતુ ઘણીવખત એવું પણ લાગે છે [redacted] ભાવવાદી વિવેચનના પ્રભાવમાં આવી જઈને અન્ય ચર્ચામાં પણ સરી પડે છે. પણ હા, એ નોંધવું રહે [redacted] અનુસંધાન આસ્વાદની પ્રક્રિયાનો ભાગ બની રહે છે. એમના સંવેદનશીલ સર્જક વ્યકિતત્વનો લાભ આ આસ્વાદપ્રક્રિયાને મળ્યો છે. એ અંગે તેઓ સભાન પણ છે અને જાણે છે [redacted] ગાંઠનું ગોપીચંદન કરનાર પણ કહેવામાં આવ્યા છે. પણ આ અંગે એમના વિચારો સ્પષ્ટ છે જુઓઃ

> ***"કવિને શું અભિપ્[redacted] મહત્ત્વનું નથી. કારણ કે કૃતિ કર્તાને અતિક્રમી જાય છે. કૃતિ રચાઈ ચૂકયા પછી તો કર્તા એ આપણા પૈકીનો અમુક અર્થ કર્યો છે એ પ્રમાણ હંમેશા વજનદાર ગણવું જોઈએ એવું નથી."***[૪૧]

મતલબ કે કવિના માનસમાં કોઇ પંકિતના અમુક અર્થનો સંદર્ભ હોય તો એ સંદર્ભથી પણ આગળના પરિપ્[redacted] ક-વિવેચક ખોલી આપી શકે[redacted] ને સીમિત કરી શકાતો નથી. કર્તા કરતાંયે કૃતિ વધારે અગત્યની બની રહેતી હોય છે. જો કે સર્જનાત્મકતાના એ ગાળા પછી કર્તા એ સામાન્ય વ્યકિત જ હોય છે. એટલે જ કાવ્યનો

આસ્વાદ કરાવતી વખતે સુ ક દૃષ્ટાંતો, સંદર્ભો, મિથ, પાશ્ચાત્ય કવિઓના તેમજ સંસ્કૃત પરિવેશના દૃષ્ટંતો, અવતરણો દ્વારા કાવ્યના અર્થને નવી જ દિશા સંપડાવી આપી છે. એમણે કરાવેલા આસ્વાદ અંગે વિગતે ચર્ચા આ મુજબ છે.

- નરસિંહરાવ દિવેટિયાની રચના 'ઊંડી રજની' માં અંધકારની રૂપસૃષ્ટિથી ઉદ્ભવતા ઇન્દ્રિયગોચર સંવેદનો અંગેથી ચર્ચાની શરૂઆત કરી ભાવક સમક્ષ રજનીને 'ઊંડી' શા માટે કહી? કવિ 'ભણકાર' ની વાત કરી અવાજની સ્મૃતિ અને આકાર ને તાદશ્ય કરે છે. અંધકાર ને 'આકાર'માં ઢાળવા 'ગૃહ' શબ્દ પ્રયોજે છે. સુકુ અનિલના આછા સ્પર્શની વાત કરીને સ્પર્શની કક્ષા સુધી અંધકારની અનુભૂતિને લઇ જાય છે. ભાવકને આ કક્ષા સુધીની અનુભૂતિ સુધી ખેંચી જઇને 'રજની' નાં એક અલગ જ રૂપને ખોલી બતાવવા બદલ આસ્વાદક સુરેશ જોષીને ધન્યવાદ આપવા ઘટે. એમના મતે નરસિંહ રાવ દિવેટિયાની આ કૃતિમાં,

> ***"અંધકારમાંથી શાંતિ અને શાંતિમાંથી ગાન સુધીની ગતિ આમાં વરતાય છે. ગીતમાં પરિણમતા અંધકારનું આ ગીત આપણા કાવ્યસાહિત્યની સ્મરણીય કૃતિ છે."*** [૪૨]

- બીજી રચના નાનાલાલની "વીરની વિદાય" ના આસ્વાદની શરૂઆત તેઓ કવિનો બીજા બે કાવ્યો 'કાઠિયાણીનું ગીત' ની પ્રતાપી નાયિકાને યાદ કરીને વીરરસ ભરેલી રચનાઓનું અનુ નાનાલાલના આ કાવ્યની નાયિકા 'અભિમન્યુ ઉત્તરા' કાવ્યની પ્રભાવશાળી ઉત્તરાની સગોત્ર લાગે છે. નાયિકાના નાયક માટેના સંબોધન 'કે કંથ' ના 'કે - અલગ અર્થઘટનો આપી વીરરસમાં ભળેલા શૃંગારરસનો આપણને પરિચય કરાવે છે. અહીં એમનાં નાનાલાલ વિશેના એક વાકયની નોંધ અચૂક લેવી જોઇએ,

***"અપધાગફમાં આડમ્બરી વિસ્તાર કરીને શબ્દાળુત્તામાં સરી પડનાર નાનાલાલ ધારે ત્યારે સંક્ષેપમાં ઘણું સિદ્ધ કરી શકે કાંઈ ના થોડી જ કહેવાશે!"*** [૪૩]

કવિની એક ચોક્કસ છાપથી સ્વતંત્રપણે એમની કાવ્યકૃતિનું મૂલ્યાંકન સુરેશ જોષી દ્વારા કરવામાં આવ્યું છે. એનું આનાથી મોટું ઉદાહરણ કયું હોઈ શકે?

રણમેદાને જતા પતિ માટે બખ્તર ગુંથવાની નાયિકાની ઈચ્છાને સુરેશ જોષી કાર્યની એકતા થકી વિયોગ હળવો કરવાની પ્રયુકિત ગણાવે છે. 'રણમોડ' 'ખડ્ગને માંડવ' શબ્દ દ્વારા નાયિકાને શૃંગાર ભર્યા લગ્ન દિવસની યાદ સાથે જોડે છે. આ કૃતિના આસ્વાદમાં સુરેશ જોષી પૂરેપૂરા ખીલ્યા છે. તેથી જ તો જણાવે છે કે,

***"'યુદ્ધને શૂરાનો સ્નાનઘાટ' નાનાલાલ જ કહી શકે કે ક સુભગ શબ્દપ્રયોગ માટે ગુજરાતી ભાષા નાનાલાલની સદા ઋણી રહેશે."*** [૪૪]

કવિએ છેલ્લી પંકિતમાં 'ર' કારની રમઝટ બોલાવીને લોકગત ભાવોને સુંદર રીતે પ્રકટ કર્યા છે. તેમજ તળપદી ભાષાની મીઠાશને અકબંધ રાખી શૃંગારરસભર્યું ચિત્ર તાદ્દશ્ય કરી આપ્યું છે એવો ઊંડાણભર્યો કાવ્યરસ સુરેશ જોષી કૃતિને પોતાની આગવી નજરે પીછાણ કરીને ભાવકને પીરસે છે. જેથી સુંદર કાવ્ય ભાવકને અત્યંત સુંદર અનુભૂતિ કરાવી શકવા સાદ્યત સક્ષમ બની શકે.

- ત્રીજી રચના કાન્તની 'સાગર અને શશી' અંગે આસ્વાદ લેખનો આરંભ સુરેશ જોષી ચંદ્રના સાહિત્યમાં થયેલા વિવિધ ઉલ્લેખોથી કરે છે. જો કે, રઘુ ચર્ચા બિન જરૂરી અને પ્રસ્તરી લાગી છે. આ અંગે એમણે 'ક્ષિતિજ' માં 'ગુજરાતી

કવિતાનો આસ્વાદ ? લેખમાં ચર્ચા કરેલ પરંતુ સુમન શાહ એ અંગે નિર્ભીક પ્રત્યુતર આપે છે. તેઓ જણાવે છે કે,

> ***"વાચકને ચંદ્રના આધુનિક રૂપની 'સાગર અને શશી' માણવામાં ખલેલ નથી પહોંચતી, ઊલટું બળવાન ભૂમિકા બંધાય છે. કાવ્યના રસાસ્વાદને આ ચન્દ્ર ચર્ચા કઈ રીતે અપ્રસ્તુત છે તે સમીક્ષ્યું***
> ***તો ઠીક થાત."***[૪૫]

સુરેશ જોષી ચંદ્રની અનેક સાહિત્ય સંદર્ભો સાથે ચર્ચા કર્યા બાદ સહૃદય ભાવકને ચીંધી બતાવે છે કે કવિતામાં સાગર પર ઊગેલો શશી માત્ર દૃષ્ટિગોચર જ નહિ પણ ઇન્દ્રયગોચર પણ છે. એમનું માનવું છે કે
દૃશ્ય અંગે પ્રતિભાવ જાગવો એ બે બિંદુની વચ્ચે વિહરવાની સગવડ સાચો કવિ કરી આપે છે. આ કાવ્યના વ્યાકરણ શાસ્ત્રીય મુદ્દાની ચર્ચા કરતાં તેઓ જણાવે છે કે, કવિએ વ્યોમને સરોવરની ઉપમા આપી છે એને અલંકરશાસ્ત્રી કદાચ હીનોપમાનું ઉદાહરણ ગણે; પરંતુ હકીકતમાં કવિ તો સરોવરના જલની નિશ્ચલ સ્થિરતા સૂચિત કરવા માગે છે. કવિના હૃદય-મનની સાથેની એમની અદ્ભૂત સહાનુભૂતિનો પડઘો આવા દૃષ્ટંતોમાં પડતો જણાય છે. સુરેશ જોષીની આસ્વાદપ્રવૃતિમાં ખાસ નોંધવા જેવી બાબત એ છે કે          કાવ્ય ઝૂલણા છંદમાં રચાયેલું છે એવો ઉલ્લેખ કરીને અટકી જતાં નથી પણ એની સાથે કાવ્યત્વ અને ભાવનો સંબંધ જોડી આપે છે. આસ્વાદલેખના સમાપનમાં એમણે કરેલી વાત એમના જ શબ્દોમાં જોઇએ....

***"અહીનું પરમ્પરિત ઝૂલણાનું રૂપ કવિનો[redacted]***
***લય મેળવીને સરજાયું છે. ધસી આવીને પાછળ વળતા મોજની દ્રુત અને વિલમ્બિત ગતિ એમણે ઝૂલણામાંથી ઉપજાવી આપી છે."[૪૬]***

- ચોથો આસ્વાદલેખ બ. ક. ઠાકોરની 'વધામણી' રચના પર છે. કાવ્યનો વિષય તો સીધોસાદો છે કેપ્રથમ પ્રસૂતિ માટે પિયર ગયેલી સ્ત્રી સંતાન જન્મની વધામણી પત્ર દ્વારા પતિને આપે છે. સુરેશ જોષી સહજ જો ડાયેલા બે શબ્દો વચ્ચેના સહજ સંબંધને વિરોધાવીને નવો જ ઉન્મેષ પ્રગટ કરે છે. નાયિકા દ્વારા નાયકને કરાયેલા સંબોધન 'વ્હાલાં મારાં' માં 'વ્હાલાં'ને ભાવની સાહજિકતારૂપ ગણાવે છે. જયારે 'મારા' શબ્દને અધિકારભાવનો સૂચક ગણાવે છે. 'જલગહન' અને 'આણી સ્હેજે' શબ્દોના વિનિયોગનું તેમણે કરેલ અર્થઘટન પ્રસંશનીય છે. વળી, નાયિકાનું આભિજાત્ય કઇ પંકિતમાં પ્રગટ થયું છે, ચતુ[redacted] પ્રતીતિ કઇ પંકિતમાં થાય છે વગેરે બાબતોનો સુરેશ જોષી ભાવક સમક્ષ ઉઘાડ કરી આપે છે. નાયિકાના પત્રની સાથે સુરેશ જોષી નાયકની મનોદશાનો પણ ઉલ્લેખ કરે છે જે મુદ્દો કવિએ ગોપિત રાખ્યો છે નાયકની ઉત્સુકતાની ચરમસીમાએ સુરેશ જોષી ભાવકને પણ ખેં[redacted] કવિની આ કમાલને તેઓ શબ્દો દ્વારા બિરદાવે છે. કે,

***"છેલ્લી ચાર પંક્તિઓ આપણા કાવ્યસાહિત્યની અમર પંક્તિઓ છે."[૪૭]***

સુરેશ જોષી પર થયેલા નકારાત્મક વિવેચનનો આરોપ આ વાંચતા સામા છેડાનો લાગવા માંડે છે.

- "જતો તો સૂવા ત્યાં" રામનારાયણ પાઠકની કાવ્યકૃતિ છે. જેમાં આકસ્મિક અકારણ પત્નીની આંખમાં આવેલા રહસ્યમય આંસુની વાત છે.

આછેરા શૃંગાર અને સ્પર્શલિપિની આસપાસ ગુંથાયેલા આંસુની નાજુક ઘટનાવાળી આ કવિતાના જમાઉધાર પાસાની સુરેશ જોષીએ તટસ્થતાપૂર્વક સદૃષ્ટાંત ચર્ચા કરી છે. થોડા દૃષ્ટાંતો જોઇએ :

'બિછાનું' શબ્દ શૃંગારની આબોહવામાં માંદગીની યાદ અપાવે છે. 'ઊંચકી' શબ્દમાં મૃદુતાનો અભાવ વર્તાય છે. 'લમણે' શબ્દ કઠોર લાગે છે. 'થાબડી' શબ્દ શૃંગાર કરતાં વાત્સલ્યની નિકટ છે. વળી કવિએ વાપરેલ 'પૂતળી' શબ્દમાં લઘુતાનો ભાવ રહેલો છે વગેરે.

આ કવિતાના વિશિષ્ટ તત્ત્વોમાં એમણે રા. વિ. પાઠકની ઉપમાચિત્ર આપવાની શકિતને ગણાવી છે. 'જલના કણેથી પો ફાટયો' પંકિત દ્વારા કવિ અશ્રુથી ઉજ્જવળ બનતા આનંદનું ચિત્ર ઉપસાવી આપે છે. એ સંદર્ભમાં સુરેશ જોષીએ અશ્રુના આનંદમાં થતી સંક્રાન્તિ અંગે આગવો ચિંતનાત્મક વિચાર રજુ કર્યા છે.

***"આપણા કહેવાતા દુઃખ ઘણીવાર આનંદની જ પૂર્વાવસ્થા હોય છે. દુઃખની જ સુખમાં થતી સંક્રાન્તિ ભારે આસ્વાદ્ય ઘટના છે, ને કાવ્યનો વિહાર ભાવકના આવા સંક્રાન્તિબિંદુએ જ થતો હોય છે. કવિએ આવું સંક્રાન્તિબિંદુ અહીં ઝડપી લીધું છે એ આપણા કાવ્યસાહિત્યની એક સુખદ ઘટના છે."***[૪૮]

- હરિશ્ચન્દ્ર ભટ્ટની 'નિર્દોષ ને નિર્મળ આંખ તારી' કાવ્યનો વિષય છે બહેનના મરણ પછીનું સ્મરણ. આ કવિતાના આસ્વાદલેખના આરંભમાં સુરેશ જોષી જીવન અને મૃત્યુ અંગે ચિંતન રજૂ કરીને કાવ્ય ચર્ચાની મજબુત ભૂમિકા બાંધે છે.

સુરેશ જોષીનું માનવું છે કે[illegible] ક કાવ્યમાં મોટાભાગે કાવ્યનું મરણ થતું હોય છે. એવું કવિએ આ કાવ્યમાં થવા દીધું નથી જેને તેઓ 'સુખ' ની વાત ગણે છે. મૃત્યુવિષયક બાબતમાં 'સુખ' વિચિત્ર લાગે પણ તેઓ તો વિષયના

કાવ્યકૃતિમાં થયેલા વિનિયોગને સુખરૂપ ગણે છે. એના કારણો આપતા તેઓ જણાવે છે કે,

***“કરુણનો અહીં આક્રોશ નથી; અરે ઉપાલન્ભનો કાકુ અહીં સંભળાતો નથી. આખુ કાવ્ય એની આજુ બાજુ એક પ્રકારની કોમળ શાંતિનો પરિવેશ રચે છે.... અહીં એક ખરી પડતી કળીનો અવાજ સાંભળવાનો છે.”***[૪૯]

ભાવક સુગમતાથી કાવ્યના કરુણમધુર શાંતિના વિશ્વમાં પ્રવેશીને મૃત્યુના ભીષણ નહી પણ ભાવપૂર્ણ જગતનું સંવેદન પામે છે. એવું કહેવામાં જરાયે અતિશયોકિત નથી લાગતી પણ કાવ્યના આ ભાવવિશ્વને નિરૂપવાની કવિની કળાની નોં ક બાજુ કિશોરી ‘કળી’ કન્યા તો બીજી બાજુ સંસારસાગર, નિયતિની ઉગ્ર અસંગતિ અને કવિએ કરેલો એનો નમ્ર સ્વીકાર, કળીનું ખરી પડવું અને એ પણ વસંતની ફુંકથી આવા વિરોધોને ભાવક સમક્ષ મુકીને સુેશ જોષીએ કવિની વેદનાની તીવ્રતાનો સ્વીકાર અને મૃત્યુનાં કરુણમંગલ ગાનનો ભાવકને પણ અનુભવ કરાવે છે.

- ‘લ્હેંકતા લીમડા હેઠે’ નામની સુંદરજી બેટાઇની કવિતામાં રહેલાં અનોખા રૂપ, રંગ, સ્પર્શ અને ગન્ધના પરિવેશને સુરેશ જોષી ભાવક સમક્ષ ઉપસાવી આપે છે.

આ ગીતરચના અંગે તેઓ કુ દયની દરેક લાગણીનું પ્રતિરૂપ આ સૃષ્ટિમાં રહેલું છે; કવિ તો માત્ર એની સાથે અનુસંધાન કરી આપે છે. કવિ દ્વારા નિરૂપણ પામેલી આવી લાગણી એ સંસ્કૃત વૃતબદ્ધ કાવ્યમાં નિરૂપાઇ હોત તો તે અસરકારક ન બનતા કારણ કે હેંકે કટ થઇ શકે. વળી, ગીતમાં ભાવનો રણકાર અને સાહજિકતાને ઝીલાવાને પૂરો અવકાશ રહે છે.

સુરેશ જોષી કવિએ પ્રયોજેલા શબ્દો 'સાંજ રે', 'સંભરી', 'આ રે આંબલિયે' ગીતરચનમાં અભિન્નભાવે ભળી ગયા છે તેનો નિર્દેશ કરે છે. સમુદ્રના તરંગના ઉદાહરણો દ્વારા બે પંકિતઓ વચ્ચેના સંબંધને જોડી આપે છે.

- મગનભાઇ પટેલ 'પતીલ' ની કાવ્યરચના 'સદ્‌ભાવના' વિષયક આસ્વાદલેખમાં જ સુરેશ જોષી સ્પષ્ટતા કરે છે કેઅ કાવ્ય સરસ્વતીને ઉદ્દેશીને લખાયેલું છે. એમ બ. ક. ઠાકોર કહે છે પરંતુ એમનું પોતાનું માનવું છે કે

સાતમી પંકિતમાં આવે છે. જેથી પહેલી છ પંકિત મા ભોમ ગુજરાતને અનુલક્ષીને અને બાકીની છ પંકિતઓ મા સરસ્વતીને અનુલક્ષીને લખાઇ છે.

કાવ્યનો વિષય યાચના હોવા છતાં કવિએ કયાંય દીનતાનો ભાવ ધારણ કર્યો નથી વળી, જે માગ્યું છે તે અધિકારપૂર્વક માગ્યું છે. અને કાવ્યની શરૂઆત 'પણ ન જોઈએ.....' થી કરી છે. એ અંગે સુરેશ જોષીએ ચર્ચા કરી છે. કવિએ 'કાચ' જેવા પારદર્શક હૈયાની માંગણી કરી છે. સુરેશ જોષીને ' કાચ' શબ્દ યથાયોગ્ય લાગતો નથી, કારણ કે કાચ પારદર્શી હોય છે. પરંતુ તે બરડ પણ હોય છે. સુરેશ જોષી આ રચનાના આસ્વાદમાં ખાસ ખીલ્યા નથી, પરંતુ આસ્વાદલેખના અંતે એટલું જરૂર કહે છે કે,

***"આમ કાવ્યના વિષયમાં કશું અસાધારણ નથી; છતા કવિની કહેવાની રીતની વિશિષ્ટતાને કારણે કાવ્ય આસ્વાદ્ય બને છે."***[૫૦]

સુંદરમ્‌નું 'અનુ દીકરી' કાવ્યમાં રહેલા વળાંકની અંદર પણ વળાંક શોધીને કાવ્યની આસ્વાદતામાં પોતાના સંવેદનશીલ ચિંતનનો ઉમેરો કરીને સુરેશ જોષીએ તેં

કાવ્યપંક્તિઓમાં અમુક વર્ણો ઉપર ભાર મૂકવાથી આવતી નિશ્ચિતતા, કવિ દ્વારા ગોઠવાયેલા શબ્દોની અભિપ્રાયતા, 'મુગ્ધ શિશુ', 'મ્હાલવું ાલામૂઇ', જેવા શબ્દોની વિશ્લેષણાત્મક ચર્ચા, પૃથ્વી છંદનો આ કાવ્ય મિષે ઉપકરણ બનતો વિનિયોગ, સોનેટનો આત્મા ધરાવતા કાવ્યને સોનેટ કહેવા ન કહેવા અંગેની ચર્ચા, અલંકાર યોજનાની પ્રશંસા વગેરે દ્વારા કાવ્યના તમામ પાસાંઓને ભાવક સમક્ષ રસપ્રદ રીતે ખુલ્લ ં કર્યાં છે. મુગ્ધ શિશુથી તારુણ્યના ઉં ત્યે પિતાના વાત્સલ્ય અને ભાવજગતના વિષયની આસપાસ ગુંથયેલાં ભાવનાપ્રધાન કાવ્યમાં વિષયના નાવીન્ય સાથે વેદનાથી વિસ્મય તરફની ગતિ દર્શાવીને કાવ્યનો ઉત્તમ રીતે આસ્વાદ કરાવે છે.

- ઉમાશંકર જોષીના 'બોલે બુલબુલ' નામના ગીતના આસ્વાદ નિમિતે એમણે ગીતરચનાના સ્વરૂપની પ્રકૃતિની ક્ષમતા અંગે વિસ્તૃત ચર્ચા કરી છે. જે ગુજરાતી સાહિત્યમાં ગીત કાવ્ય પ્રકાર અંગે મહત્ત્વની પુરવાર થાય છે. જો કે -૧૯૬૩માં રઘુવીર ચૌધરીએ પોતાના 'ગુજરાતી કાવ્યનો આસ્વાદ' લેખમાં આ ચર્ચાને બિન જરૂરી અને પ્રસ્તારી ગણાવી છે. જયારે શિરીષ પંચાલ 'સુ. જો. નુ. સાહિત્યવિશ્વ વિવેચન-૧' ની પ્રસ્તાવનામાં જણાવે છે કે કર જોષીની કવિતાના આસ્વાદમાં ખીલ્યા નથી.

આ અભિપ્રાયોથી પર ઊઠીને સુરેશ જોષીએ કરાવેલ આસ્વાદ તરફ દ્દષ્ટિપાત કરીએ તો પ્રથમ પંક્તિ અંગે તેઓ જણાવે છે કે,

***"પહેલી પંક્તિમાં 'ર'ને ''ત', 'ફ', 'સ'' ત્રણવાર ફેરવીને ફોરા વરસવાનું ને સરવાનું ને તારવાનું ધ્વનિચિત્ર ખડું કરી દીધું છે તે તરત જ આપણાં સાવધ કાન પારખી જશે."***[૫૧]

'સૂર તણો પુલ', 'ફેરા શા સૂર' માં સુરેશ જોષીને ૫ કટતાની માત્રા વધારે લાગે છે. તો વળી, વિદ્યાર્થીઓએ આ રચના અંગે અમુક પ્રશ્નો પૂછતા એમ કેવા પ્રત્યુતર આપ્યાં એવું જણાવીને કદાચ પોતાના મનમાં ઉદ્દ્ભવેલા સવાલ-જવાબની વાત કરીને આસ્વાદ ભૂમિકા વિસ્તારતા હોય એવું જણાઇ આવે છે.

➢ પ્રહલાદ પારેખની 'ઘાસ અને હું' રચનાના આસ્વાદલેખના પ્રરંભમાં જ સુરેશ જોષી મુગ્ધતા અને વિદગ્ધતા અંગે ચર્ચા કરે છે. ત્યારબાદ તૃણની લઘુ -વિભુતા અંગે વાત કરીને કવિ કુ
વાત કરતાં-કરતાં આ સંદર્ભમાં રવીન્દ્રનાથ અને સાંખ્યવાદની ફિલસુફી સુધી ભાવકને ખેં હરિત અને પીતના સંયોગને આભ અને ધરતીના મનના મેળ તરીકે ાવીને એમના મનના Outscape અને Inscapeનો પરિચય આપી દે છે. વળી, 'તોય', 'છતાં' જેવા શબ્દો ને વિરોધના આભાસ તરીકે
કાવ્યમાં તેનાં મહત્ત્વની ચર્ચા પણ કરે છે. સાથે સાથે કાલિદાસના 'કુ
અને 'મેઘદૂત' ને પણ અલૌકિક અનુભૂતિના સંદર્ભમાં ખેંચી આણે છે. સાથે
કવિએ પ્રયોજેલા 'રંગ' 'અંગ' વગેરે શબ્દોથી સાર્થક થતાં મૂકંતા ઘોષ અંગે સુરેશ જોષીનો અભિપ્રાય એમના જ શબ્દોમાં જોઈએ તો,

***"જે કુ ન્દ્રયો સૃષ્ટિની બાલ્યવયને આદિકાળમાં મુગ્ધ બનીને નિહાળતી હશે તે કુ કાવ્યમાં છે. મુગ્ધ ઈન્દ્રિયોનું સંચરણ એમાં વરતાય છે, સૌરભ અને ઘ્રાણેન્દ્રિયપણું એમાં વરતાય છે."***[૫૨]

➢ 'નયણાં' રચનાના આસ્વાદના આરંભમાં જ તેઓ વેણીભાઇ પુરોહિત સામે કાવ્યના બોલકાં શીર્ષક અંગે ફરિયાદ કરે છે. આ કાવ્યની માંડણી જ વિરોધમૂલક સાદૃશ્યના

પર થઇ છે એમ જણાવીને કાવ્યની સૈદ્ધાંતિક ચર્ચામાં સરી પડે [illegible] ત્યક્ષ વિવેચનનો દોર હાથમાં લેતા ભેજ અને તેજના સમાન-અસમાન તત્ત્વની ચર્ચા, ‘આસમાની’ શબ્દની રહસ્યમયતા, ગેય રચનાના સાંગીતિક પુનરાવર્તનો, ‘છીછરાં’ ‘અતાગ’ શબ્દોનો કાવ્યત્વ સિદ્ધ કરવામાં થતો વિનિયોગ, ‘ચાગલાં’ ‘માછલા’ શબ્દો દ્વારા અનાયાસ પણે સિદ્ધ થતી અકૃત્રિમતા, ‘અમરૂત અને ઝેર’ ની તાત્વિક ચર્ચા વગેરે બાબતો સૂક્ષ્મતાથી તપાસીને ભાવક સમક્ષ કાવ્યનો નવો જ આયામ સિદ્ધ કર્યા છે. સુરેશ જોષી પોતે આ અંગે જણાવે છે કે,

***“નવીન કવિતાના પદાર્થ પાઠમાં આ કવિતા ઉદાહરણરૂપ ન બને તો ભલે, કાવ્યત્વ શી રીતે સિદ્ધ થાય છે તેની ચર્ચામાં જરૂર લેખે [illegible] શે..”***[૫૩]

- ‘પતંગિયુ ને ચંબેલી’ નામના-કૃષ્ણલાલ શ્રીધરાણીના કાવ્યના આસ્વાદમાં સુરેશ જોષીએ આપેલું પ્રાસ્તાવિક લખાણ કૃતિના વિશ્વથી થોડું ભિન્ન અને પ્રસ્તારી જણાય છે. વળી, કૃતિના આસ્વાદના મુદ્દા પર આવતાં પહેલાં તેઓ ‘કાવ્યવસ્તુવિચાર’ અંગેના ખ્યાલનો વ્યંગાત્મક ઉલ્લેખ કરે છે. પછી આ કાવ્યને ‘બાળકાવ્ય’ કહેવું કે ‘બાળસૃષ્ટિનું કાવ્ય કહેવુ.’ એ અંગેની ચર્ચામાં ઉતરે છે. ચંબેલીની આભે ઉડવાની આશ, એને સાંપડતો પતંગિયાનો સંગાથ, બંનેનું એક થઇને પરીમાં થતું રૂપાંતર એવા વિષયની આ કવિતાનો આસ્વાદ કરાવવા એમણે પ્રત્યક્ષ ઓછી અને સૈદ્ધાંતિક વૈચારિક ચર્ચા વધારે કરી છે.

***“આ કાવ્યમાં રવીન્દ્રનાથના કાવ્યનો પ્રભાવ વરતાય છે. આ અંગે તેઓ જણાવે છે કે [illegible] કાવ્યોની આબોહવા છે. એ કાવ્યની સગોત્રતા પ્રકટ છે. શ્રીધરાણીની કવિતાનો એ મને તો સૌથી વધુ આસ્વાદ એવો પ્રદેશ લાગે છે.”***[૫૪]

- પ્રજારામ રાવળના 'શિશિર' કાવ્યનો વિષય જ ઇન્દ્રિયગોચર અનુભૂતિનો હોવાથી સુરેશ જોષી આસ્વાદલેખની શરૂઆત જ આંખ, કાન, સ્પર્શ વગેરે ઇન્દ્રિયો અંગે ચર્ચા કરે છે. અત્યંત સૂક્ષ્મતાથી તેઓ આ લીલાને પકડી પાડે છે. પહેલી લીટીમાં પાંદડાની શુષ્કતા સૂચવતો 'ખરખર' અવાજ કે [illegible]
તીવ્ર સંવેદનશીલ આસ્વાદક જ ભાવકને બતાવી શકે [illegible]
તેઓ જીર્ણતા, હળવાશ, વિચ્છેદ વગેરેના સંદર્ભમાં વૃક્ષ અને ધરતીના તપથી તેમની વચ્ચે સધાતી નિકટતા બતાવીને વિચ્છેદથી શરૂ થયેલા કાવ્યને નિકટતા સુધી કવિએ લયબદ્ધ રીતે કે [illegible] કનું ધ્યાન દોરવાની એમની રીત પ્રસંશનીય બની રહે છે.

- રાજેન્દ્ર શાહની 'ગલ વાયસ' રચનાની આસ્વાદ પ્રકિયા દરમિયાન સુરેશ જોષીએ શબ્દે શબ્દને ખોલીને ભાવાવેગની કવિની તીવ્રતાને ભાવકના ચિતમાં સંક્રાન્ત કરવાનો પ્રયાસ કર્યો છે. વ્યાકરણીય સૂક્ષ્મતા પણ તેમની નજરમાંથી છટકી શકી નથી એથી જ તો તેઓ જણાવે છે કે [illegible] કાના પૂર્વાધના પાંચ અક્ષરો મૌનના બુદબુદ રૂપે લુપ્ત થઇ ગયા છે. ત્યારબાદ તેઓ 'ગલ' અને 'વાયસ' શબ્દો અંગે ચર્ચા કરીને આ કાવ્યમાં રહેલી ત્રિવિધ સન્ધિ, શ્વેત અને શ્યામની સન્ધિ, ધરતી અને સમુહની સન્ધિની વાત આવરી લે છે. 'કિરણ' શબ્દના કવિના ઉપયોગ અંગે નારાજગી વ્યકત કરે છે. જ્યારે 'મધુઅર્ક' શબ્દની સાર્થકતા બિરદાવે છે. આસ્વાદ દરમિયાન સુગમતા ખાતર તેઓ આનંદવર્ધક અને માલાર્મનો પણ ઉલ્લેખ કરે છે. પરંતુ અંતમાં કવિ ચમત્કૃતિપૂર્ણ સ્મરણીય પંકિત ન આપી શકયા એનો સખે [illegible]
પણ કરે છે એમનાં જ શબ્દોમાં,

***"કવિ કૂંજસ બન્યા અથવા એમની માનીતી રાણી 'ફિલસૂફી' ના ચરણે ઢળ્યા."[૫૫]***

- નિરંજન ભગતની 'આધુનિક અરણ્ય' રચનાનો આસ્વાદ તેઓ કાવ્યમાં એકરસ બની ગયેલા વ્યંગને કાવ્યના સ્વરૂપને હાનિ ન થાય તે રીતે ઉકે[illegible] કાવ્યને ચોટદાર બનાવનાર અલંકાર યોજના અંગે તેઓ જણાવે છે કે અહીં અપહનૂતિ નહીં પણ એની વિડંબના છે. વળી, કવિ અલંકાર યોજનામાં સાદૃશ્યતા નહિ પણ વિસદૃશતાને જ પાયારૂપે સ્વીકારે છે. તેમજ વર્ણ્ય વિષય પણ મુખર બની જાય છે જેની નોંધ લે છે. સુરેશ જોષી દરેક પંક્તિમાં પ્રયોજાયેલા અલંકારને ભાવક સમક્ષ મૂકી આપે છે જેમ કે,

> ***"પ્રથમ પંક્તિમાં અને શીર્ષકમાં નગરના અરણ્યત્વ પર જે કવિએ ભાર મૂકયા છે..... માટે જ બીજી અને ત્રીજી પંકિતમાની શિલા, સિમેન્ટ, કાચ, કાંકરેટના બનેલી નગરને લોહના ઈન્દ્રધનુરૂપે સમ્ભાવના કરતી, ઉત્પ્રક્ષા સંસૃષ્ટિ નહી પણ શંકર જ લાગે છે. એ બે પંકિત પછી વળી નગરનું અરણ્યત્વ પુનઃસ્થાપિત થાય છે. પદ જાણે કે કવિએ ખાલી ન રખ્યું હોય ! પાંચમી પંકિતથી અપહનૂતિ પૂર્ણરૂપે શરૂ થાય છે."[૫૬]***

ત્યારબાદ 'ટહૂકવા શબ્દને 'રેડિયો' સાથે જોડીને વિરોધની તીવ્રતા ચીંધી બતાવી છે. વળી, પૃથ્વીછંદના 'છંન્દોભંગ' કાવ્યમાં કે[illegible] કારક બને છે તે પણ દર્શાવી આપ્યું છે. ઇન્દ્ર માટે 'પુરંદ[illegible] ' શબ્દપ્રયોગની સાર્થકતા, સોનેટ, કહેવા ન કહેવા અંગેની ચર્ચા, તેમજ એલિયેટ, ડૉ. વિલિયમ્સ ક્રે[illegible] કવિની આ વિષયની રચનાઓ સાથેની તુલના દ્વારા આસ્વાદ્ય કૃતિની મર્યાદા તરફ કરેલો નિર્દેશ વગેરે જ તેમને શ્રેષ્ઠ આસ્વાદક સ્થાપી દે છે તે અંગે બેમત નથી.

- ઉશનસ્‌ના 'વળાવી બા આવી' કૃતિમાં રજાઓ પૂરી થતાં દૂર-દૂર વસતાં સંતાનો સાથેના વિયોગનાં પ્રસંગનું આલેખન કવિએ નિરાડમ્બરી રીતે આ કાવ્યમાં રજુ કર્યુ છે. એવું સુરેશ જોષી જણાવે છે. તેઓ 'ઉવેખી અને સૌ જરઠ વળી વાતે જ સૂઇ ગયા' પંક્તિની કરુણતા દર્શાવી આપે છે તેમજ નાના ભાઇઓની નવોઢા ભાર્યાઓ માટે કવિ એ પ્રયોજેલ 'પ્રિયવચનમંદસ્મિતવતી' શબ્દપ્રયાગનો ઉલ્લેખ કરીને શબ્દચિત્ર દોરી આપે છે. બાકી આ આસ્વાદલેખમાં કાવ્યની વસ્તુ સામગ્રીની ઉણપ હોય કેમ કારણ હોય આસ્વાદક તરીકેશ ખીલ્યા નથી. સુમન શાહ સુરેશ જોષીએ કરેલા આ કાવ્યના આસ્વાદ અંગે પોતાનો અભિપ્રાય આપતા જણાવે છે કે,

> ***"'વળાવી બા આવી' ના આસ્વાદ વખતે આસ્વાદકે કવિનું કે કાવ્યનું શ્રેષ્ઠ મ શોધવા લગભગ સફળ એવા ફાંફાં માર્યાં છે."***[૫૭]

- 'આવો' એ મકરંદ દવેની અધ્યાત્મવાદી રચના છે. સુરેશ જોષીએ આ રચનાના આસ્વાદની શરૂઆત ઇશ્વર અને મનુષ્યના સંબંધ અને દ્વૈત-અદ્વૈત ન આપીને કરી છે. જેથી કાવ્યની અનુભૂતિમાં સુગમતા રહે. ત્યારબાદ તેઓ ક્રમવાર ત્રણેય પંક્તિમાં કવિએ પ્રયોજેલા દૃષ્ટાંતો-'સૂર્ય
એની જાળી, ઊધઇ ખાધેલું ઈંધણ અને અગ્નિની' મનુષ્ય-ઇશ્વરનાં સંબંધમાં સંદર્ભમાં ચર્ચા કરે છે. તેમજ કવિએ પ્રયોજેલા 'જીવણ' શબ્દની તળપદી મીઠાશ અને સાર્થકતાને સાભિપ્રાય ઠેરવીને લેખનું સમાપન કરે છે. વ્યાકરણીય કે તુલનાત્મક વગેરે પાસાંઓ આ લેખમાં ઉપયોગમાં લીધાં વગર સુરેશ જોષીએ આ કાવ્યનો આસ્વાદ કરાવ્યો છે.

➢ બાલમુકું ખાલી કરતાં' ના આસ્વાદમાં સુરેશ જોષીએ માટા ભાગે કવિએ વર્ણાવેલ પ્રસંગનું રસપ્રદ અને સહેલું લાગે તેવું વર્ણનચિત્ર આપ્યું છે. સાથે-સાથે ઘર ખાલી કરતી વખતે તુચ્છ વસ્તુઓને સાથે લેતી વખતે અણમોલ એવા પુત્રને દૈવાધીને સાથે ન લઇ જઇ શકાયો એવી નિયતિની સામે લાચારી પ્રગટ કરતાં કાવ્ય અંગે સુરેશ જોષીએ ચીંધી બતાવેલી કવિ કર્મની વિશિષ્ટતા એમના જ શબ્દોમાં જોઇએ,

> ***"કાવ્યની શરૂઆત સાવ સામાન્ય લાગતી વિગતોથી કવિ કરે છે. ત્યારે એ જ વિગતો ઘેર કરુણની માંડણીરૂપ બની રહેવાની હશે એનો ખ્યાલેય નથી આવતો. તુચ્છ વસ્તુની આસક્તિને તેની સાથે જ અત્યંત દુર્લભ એવા રત્નને કાયમને માટે ખોઇને જવાની લાચારી-આ બંને સામ-સામે વિરોધાવીને રજૂ કરવાથી વેદનાનો વલોવાટ ઘુંટયા વિના કરુણને સિદ્ધ કરી શકાયો છે."***[૫૮]

➢ હસમુખ પાઠકની 'તણખલું' રચનાનો આસ્વાદ કરાવતી વખતે તુચ્છ લાગતા તણખલાના સંદર્ભમાં તેઓ કે નિષદ્‌ની આખી વાર્તાનો સંદર્ભ ટાંકે વિદ્યાર્થીની દૃષ્ટિએ 'કેન્દ્ર વર્તી વિચાર' અને રાજકારણની દૃષ્ટિએ અર્થ તો ગમે ત્યાંથી ઊલેચી શકાય એના માટે તરકીબનું લાંબું દોરડું હોવું જોઇએ એવી મશકરી કરે છે. તણખલાંને 'નહી ચસકે જેવા પ્રતિવાદના સંદર્ભમાં મૂકી આપે છે. સાથે સાથે અમેરિકન કવિ ઇ.ઇ.કમિંગ્ઝ અને નરસિંહરાવના હરિગીતને યાદ કરીને કવિતા સ્વરૂપવિષયક સૈદ્ધાંતિક ચર્ચામાં સરી પડતા હોય એવું લાગે છે. પરંતુ આસ્વાદલેખમાં આગળ જતાં જણાય છે કે રૂપ ચર્ચા બિનજરૂરી નથી. પણ એ દ્વારા તેઓ કવિતા સાધ્ય એવા વ્યંજનો તીવ્રતાથી ભાવકને

અહેસાસ કરાવે છે. સાથે-સાથે અલંકાર યોજનાના સંદર્ભમાં વ્યાકરણલક્ષી ચર્ચા કરીને કાવ્યમાં આરોપિત Violent Juxtapositionની નવીનતા તરફ આંગળી ચીંધી બતાવે છે.

- ‘ચાલતાં ચાલતાં’ નામની પ્રિયકાન્ત મણિયારની રચનાનાં આસ્વાદની શરૂઆત કાવ્યના વર્ણ્ય વિષય પડછાયા અંગે પોતાનું આગવું ચિંતન આપીને કરે છે. કાવ્યના ક્રિયાશીલ ચિત્રો તેમજ પોતાને ગમતી-અણગમતી પંક્તિઓનો સકારણ ઉલ્લેખ કર્યા બાદ તેઓ કવિની ફિલસૂફીની ઝાટકણી કાઢતા જણાવે છે કે કવિએ અહીં‘અ ત જૂજવા રૂપ’ વાળી નરસિંહ મહેતાની ટોપી માથે મૂકી છે. એમને લાગે છે કે ૫૭ અને વસ્તુના રૂપ બદલતી, દોરી કૂદતી, ચૌદક વર્ષની કિશોરી જેવી નટખટ કવિતા ફિલસૂફીના કારણસર ભારેખમ (વૃદ્ધ?) બની જાય છે. પરંતુ તેઓ કાવ્યના ઉત્તમ અંશોને નજર અંદાજ કરતાં નથી. કાવ્યની ગતિ ને આકાર રચનાની પ્રશંસા કરતાં તેઓ જણાવે છે કે,

> ***“અનુષ્ટુપમાં પ્રવાહી ગામ્ભીર્ય છે ને પ્રારમ્ભની સજીવ ચંચલ લીલાને વર્ણવવામાં બરાબર ખપમાં આવે છે. ને અંતના ગામ્ભીર્યનો ભાર પણ ઠીક ઉપાડે છે.”[૫૯]***

અંતમાં કવિતા અને ફિલસૂફી વિષયક પોતાના વિચારો રજૂ કરી આ વિષયને સ્પર્શતી અંગ્રેજી કવિતાનો નમુનો આપી પોતાની આસ્વાદકતાનો ઉત્તમ પરિચય ભાવકને કરાવે છે.

- ગુલામ મોહમ્મદ શેખની શીર્ષક વગરની રચનાના આસ્વાદન વખતે સુરેશ જોષી સમભાવપૂર્વક જણાવે છે કે કવિનું કશુંયે નહિ ચાલ્યું હોય ત્યારે જ એમણે શીર્ષક નહિ આપ્યું હોય ચામડીની સાથે ‘પીતળ’ અને રણકારની સાથે ‘બોદો’, સ્તનની

સાથે લાગેલા 'ખૂં ંગારના પરંપરાગત ભાવોની ગેરહાજરીનો નિર્દેશ કર્યો છે. વળી, 'સ્તન', 'કામસ્ત', 'યુગલ' જેવા શબ્દોથી સંસ્કૃત ભાષાના સંસ્કાર ઝીલ્યાનો આભાસ થાય પણ એનું અનુસંધાન સુરેશ જોષી બોદ્‌લેરની કવિતા સાથે જોડી આપે છે. વળી, શૃંગારયુગલ 'શ્વાસનુંયુદ્ધ' જેવા શબ્દોનો અર્થ સ્ફુટ કરી આપે છે. સાથે સાથે નાવીન્ય એટલે કૃતકતા એવું કોઇ ન માની લે એટલાં માટે સ્પષ્ટતા કરતા જણાવે છે કે,

> ***"અહીં કલ્પનોમાં એક પ્રકારની વિશૃંખલતા કવિ અણઘડ છે માટે નથી આવી ગઈ, રોમેન્ટિક ભાવાવેશના પ્રતિકારરૂપે કવિ સહેતુક આવી યોજના કરે છે."[૬૦]***

કવિના સહેતુક પ્રયોજનોને પકડી શકનાર સુરેશ જોષી કાવ્યની મર્યાદાઓને કડી પાડે છે જુઓઃ

> ***"અત્યન્ત સંયમથી લખે કવિતામાંથી પણ કવિએ થોડીક બાદબાકી કરી હોત તો ઠીક થાત એવું આપણને લાગે છે. ત્રીજા ખ કતઓ ભાવને ઘૂં ્યત્ન છે. ને કાવ્યમાં સહેજ ખૂં "[૬૧]***

આમ, આ કાવ્યની આસ્વાદપ્રવૃતિમાં સુરેશ જોષીની સહૃદયતા, વિશ્લેષણ શકિત, પાશ્ચાત્ય કાવ્યમીમાંસાની ઊંડી સમજનો કરેલા વિનિયોગમાં પરખાતું એમનું કલાદર્શન જેવા વિવિધ પાસાંઓનો પરિચય થાય છે.

## ૩.૬ ભારતીય ભાષાનાં કાવ્યોનો આસ્વાદ

### ૩.૬.૧ પવનભરી રાત-જીવનાનન્દ દાસ

કવિ જીવનાનન્દદાસના 'વનલત્તાસેન' કાવ્યસંગ્રહમાંથી ઉદ્ધૃત 'પવનભરી રાત' નો આસ્વાદ કરાવતી વખતે સુરેશ જોષી કાવ્યના મૂળભૂત હાર્દને પામી શકાય એ માટે ભાવક સમક્ષ બુદ્ધિગોચર નહિ પણ ઇન્દ્રિયગોચર સંવેદનશીલતા સાથે નિસબત ધરાવતી પ્રસ્તાવના બાંધી આપે છે. Nostalgia, આદિતા, પ્રકાશ-અંધકારની ધૂસરતા, ઇતિહાસની પગલીઓનો કને જીવનાનન્દ દાસની નવી સૃષ્ટિમાં ખેંચી જવા તૈયાર કરે છે.

સુરેશ જોષી અહીં કલ્પના 'વિષય' અંગે પ્રશ્નાર્થ કરીને ખુ ખુ કે' પવનભરી રાત' નહી પણ 'અદ્‌ભૂત'નો આસ્વાદ જ આ કાવ્યનો વિષય છે. વળી, પોતે જ પ્રશ્ન ઉઠાવે છે કૈ ી શી છે? એનો જવાબ છે ભૂતકાળની વર્તમાનતા, કાવ્યના વિષય અંગેની એમની સમજથી ભાવક કવિ ચિતના અલૌકિક પ્રદેશમાં પહોચી જાય એટલી વિશદ્ છે.

ત્યારબાદ તેઓ કવિએ પ્રયોજેલી ઉપમાઓના ઊંડાણ અને સાર્થકતા અંગે ચર્ચા કરે છે. સાથે-સાથે માનવ સંસ્કૃતિના ઉદય પહેલાંની વનસ્પતિની, પશુપંખીની સૃષ્ટિની અને મૃતનક્ષત્રો અને ઘુ ય મૃતજનોના મુખથી પ્રકાશિત આકાશ અંગેના કવિચિતના સંચલનોની ચર્ચા કરે છે. આયુધથી સજજ સુંદરીઓના આયુધથી મૃત્યુને દલિત કરવાની કવિની કલ્પના પાછળના રહસ્યની સમજ આપે છે. એટલું જ નહી પણ કવિએ પ્રયોજેલા શબ્દો 'બલીયાન', ગન્ધગ્રહણ', 'અન્ધકારનો ાયતા ઠેરવવાનો સૈ યાસ પ્રશંસનીય છે એમણે નોંધ્યું છે કે,

*"કાવ્યની આબોહવા તે સ્વપ્નની આબોહવા છે. સ્વપ્નમાંની સૃષ્ટિનું સંચાલન બુદ્ધિ કરતી નથી. બુદ્ધિના નિયંત્રણ નીચે આવ્યા પહેલાંની આ સૃષ્ટિ છે. આથી એમાં આવતા ચિત્રોમાં એક પ્રકારની સ્વૈરયોજના દેખાય છે."*[૬૨]

રસમીમાંસાના શાસ્ત્રીય પરિભાષાના ચોકડાથી પર રહીને સુરેશ જોષીએ ખરા અર્થમાં સર્જક અને ભાવક વચ્ચે સહધ્યતાનો પુલ બાંધીને પોતે જ કાવ્યસર્જન પ્રક્રિયાનાં સાક્ષી હોય એવો ઉત્તમ આસ્વાદ કરાવ્યો છે.

## ૩.૬.૨ અશી તુઝી કલ્પના હોતી ? - વિંદા કિરંદીકર

વિંદા કિરંદીકરના કાવ્ય 'અશી તુઝી કલ્પના હોતી' ના આસ્વાદમાં સુરેશ જોષી બરાબર ખીલ્યા છે, ખુલ્યા છે. અહીં સમર્થ પ્રતિભાવાન પુરૂષને એની પ્રતિભા જ એકલતાના શિખરે મૂકી દે છે. જયારે નાયિકાને મન આ પ્રતિભા માત્ર પોતાની મહતા સ્થાપવાનું ઉત્પાદન માત્ર જ છે; એવી નાયકને પ્રતીતિ થતાં એનું મન વિષાદ યુકત બની જાય છે. એવા વિષયની આસપાસ રચાયું છે.

અત્યંત સંવેદનશીલ એવા આ વિષયમાં બે પાત્રોની વિભિન્ન મનોદશાને પ્રગટ કરવામાં તેમજ વ્યંગને તીક્ષ્ણતાથી રજૂ કરવામાં કવિએ સોનેટ સ્વરૂપનો કે[illegible] વિનિયોગ કર્યો છે. તે સુરેશ જોષી ભાવક સમક્ષ મૂખી આપે છે. 'મનની વાત કરીને શ્લેષ તરીકે[illegible] કે[illegible] -અપારદર્શક=અ+પારદર્શક(pauue) કે[illegible] +દર્શક અંગે, 'તડકલી' ક્રિયાપદના રવાનુકારી પ્રયોગની અસરકારકતા, 'વચકી જવા' શબ્દ પાછળના આકસ્મિક આઘાતનું સૂચન વગેરે અંગે ચર્ચા કરીને નાયકના મનોગત નજીક ભાવકને પહોંચાડે છે.

કાવ્યવિષયની સમાંતર એમાં પ્રયોજેલા ભાષાના બે સ્તર એક સંસ્કૃતની અસરવાળું અને બીજું તળપદી ભાષાનું તેમજ એ દ્વારા વ્યકત થતી ભિન્ન-ભિન્ન મનોદશા

વચ્ચેની વિસંવાદી સ્થિતિ તરફ સુરેશ જોષી અંગૂલિનિર્દેશ કરવાનુંય કતાં નથી ‘વિધ્નવિરામ’ ‘સાંગત બસેન’ જેવા શબ્દોની વિદ્વતાપૂર્ણ ચર્ચા કરી છે. ચોથી પંકિતમાં પ્રયોજેલાં ‘સાંગત બસેન’ શબ્દની યોગ્યતા કે,

> ***“‘સાંગત બસેન’ હું તને કહે. તો બેસીશ એવા પ્રયોગથી ને એમાં રહેલાં વિશિષ્ટ કાકૂથી કવિએ વ્યંગને વધુ તીક્ષ્ણ બનાવ્યો. ‘કહે તો બેસીએ, માં અસહય દુ:ખની વાતને આરામપૂર્વક સાંભળનારને શ્રવણસુખ આપવા માટે કહેવાં બેસવું એવી અર્થ છાયા રહેલી છે.”***[૬૩]

ત્યારબાદ કવિએ ‘મન’ માટે પ્રયોજેલા ‘પ્રમાદી’ વિશેષણના વિવિધ અર્થોની ચર્ચા કરીને તેના હાર્દને Male Energy તેમજ Male Custraction સાથે જોડે છે. ચર્ચાના દોરમાં તેઓ દુષ્યંત-શકું કવિને અભિપ્રે કરે છે. ‘વજ્રસંગીત’ અને ‘ગોકળગાય’ શબ્દોમાંથી પ્રગટતા વ્યંગનો કાકૂ કાવ્યત્વને કે રીતે ઉપકારક બને છે તે દર્શાવી આપે છે. વિરોધાત્મક સંઘર્ષ મૂલક સન્દિગ્ધતા દર્શાવતા આ કાવ્યમાં સોનેટના વળાંક અષ્ટકના જ નથી પણ ભાષાના, માનસિકતાના, સમાસના સંધાયેલા બે સ્તરો વચ્ચે પણ છે એવું સુરેશ જોષી સફળતા પૂર્વક દર્શાવી આપે છે.

### ૩.૬.૩ સુધીન્દ્રનાથ દત્તનાં કાવ્યો અંગે......

સુધીન્દ્રનાથ દત્ત કૃત ‘યયાતિ’ નામના કાવ્યનો સુરેશ જોષીએ માર્મિક આસ્વાદ કરાવ્યો છે. પૌરાણિક કથાના ત્રણ પાત્રો ‘યયાતિ, દ્વૈપાયન અને ત્રિશંકુ કાવ્યમાં ઉલ્લેખ પામ્યા છે. સુરેશ જોષીનું આગવું ચિંતન એમણે કુ દ્રોહ અંગે કરેલો ઉલ્લેખ વગેરે આ કાવ્યના આસ્વાદને ભાવક માટે સુગમ બનાવી દે છે. રવીન્દ્રનાથથી અલગ પ્રવાહમાં સર્જન કરતા આ કવિના અલગ વિશ્વની આપણને પહેચાન થાય છે જોષી આ અંગે જણાવે છે કે,

***"આપણે નાસ્તિકના જ વિવર્તરૂપ છીએ. આ કવિએ શ્લે     કરીને પ્રતિભાબળે આવા સમૃદ્ધ સં     કારનો આવો સમર્થ વિનિયોગ ખરે જ વિરલ છે."[૬૪]***

સુધીન્દ્રનાથ માલાર્મના કવિદર્શનને અનુસરે છે. એનો ઉલ્લેખ કર્યા બાદ સુરેશ જોશી માલાર્મ તેમજ વાલેરીના કાવ્યવિચાર અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરે છે. સાથે સાથે 'યયાતિ' કાવ્યના કવિકર્મની વિશિષ્ટતા ચીંધી બતાવે છે. એમના જ શબ્દોમાં જોઈએ તો,

***"'યયાતિ' સર્પાવસ્થાને પામ્યો એ સૂચવવાને એમણે એ કાવ્યની પદ રચનામાં આંતરપ્રાસ અને યતિની રચના એવી રીતે કરી છે. કે     કતઓમાંની ગતિમાં સર્પની     "[૬૫]***

કવિના આશયને કાવ્યના આંતર રચનાના માળખાના સંદર્ભમાં પકડી પાડનાર સુરેશ જોષીની સૂક્ષ્મ નિરીક્ષણ શકિતના અહીં દર્શન થાય છે. આ સાથે તેઓ સુધીન્દ્રનાથ ની કવિતાની એ સમયના સાહિત્યિકમાં પરિપ્રે     કાવ્યની સૈદ્ધાંતિક વિવેચનામાં સરી પડે છે. ભાવકને આ સૈદ્ધાંતિક ચર્ચા દુર્બોધ લાગે એવી શકયતા છે.

સુધીન્દ્રનાથના દત્તના ૧૯૩૦ મા પ્રગટ થયેલા કાવ્યસંગ્રહ 'તન્વી' મા વરતાયેલ શૂન્યતાના અભાવનો પ્રાકૃતિક દશ્યો સાથેનો મેળ જોડી આપે છે. તે 'શ્રાવણસંધ્યા' કાવ્યનો જે ભાવ છે. તે 'તન્વી' સુધી વિસ્તરેલો છે એવું દર્શાવી આપે છે. સાથે-સાથે રવીન્દ્રનાથ ટાગોર અને એલિયટના કાવ્યો સાથે સુધીન્દ્રનાથના દત્તના કાવ્યોને તુલનાત્મક પરિપ્રે     કી આપે છે. શ્રદ્ધાવાદી વલણના બદલે વાસ્તવિક યુગચેતના, જાતિભેદથી વિખૂ     -નદીએ સેતુ ભાંગતા અને નગરે રણ સરજતા

સરમુખત્યારોની પ્રવર્તમાન પરિસ્થિતિને સ્થિર નજરે મૂલવીને કવિતામાં ઉતારનાર કવિ તરીકે બિરદાવી સુરેશ જોષી એને વંદનીય ગણે છે. સુધીન્દ્રનાથની કાવ્યની સમીક્ષામાં સુરેશ જોષીની વિદ્વતા અને ચિંતનશીલ માનસ દૃષ્ટિગો

### ૩.૬.૪ ‘નિર્ઝરનો સ્વપ્નભંગ’: રવીન્દ્રનાથ ટાગોર

‘નિર્ઝરનો સ્વપ્નભંગ’ નામના રવીન્દ્રનાથ ટાગોરના કાવ્યના વિવેચનની શરૂઆત સૌ નાથને આ કાવ્યની સ્ફુરણા શી રીતે થઇ તેની એમણે ખુદ આપેલી કૈ કરીને કરે છે. ત્યારબાદ તેનો સંબંધ પ્રકૃતિ અને માનવ ચેતનાના અંશો સાથે જોડે છે. સાથે-સાથે કાલિદાસના ‘મેઘદૂત’ ના વિરહની સાથે શાન્ત અનંતથી થતા વિચ્છેદને જોડી આપે છે. ‘સાન્ધ્યગીતા’ થી ‘સોનાર તહીં’ સુધીના કાવ્યોનું સૌંદર્ય, વેદના ચિત્તસંઘર્ષ વગેરે અંગે વિગતે સુરેશ જોષી ચર્ચા કરે છે. ‘ચૈતાલી’ કાવ્યોમાં કવિનો માનવપ્રે નીભૂત અવસ્થાને પામે છે. તે દર્શાવી આપે છે. તો ‘ક્ષણિકા’ કાવ્યને તેઓ વર્તમાનના ગીત તરીકે ખાયે છે.

નૈર્વેધ, ગીતાંજલિ, ગીતિમાલ્ય, ગીતાતિ જેવા કાવ્યોને કવિની કવિતાનું વનપર્વ ગણાવી એ સમયની રવીન્દ્રનાથની અંગત જિંદગી, તત્કાલીન રાષ્ટ્રીય પરિસ્થિતિનો પ્રભાવ વગેરે અંગે પણ સુરેશ જોષી ચર્ચા કરે છે.

રવીન્દ્રનાથની કવિતામાં શ્રેષ્ઠ અર્ધ્ય પામતી નારીના વિવિધ સત્તર સ્વરૂપો ‘નામ્ની’ શીર્ષકના કાવ્ગુચ્છમાં આલેખન પામ્યા છે. તે અંગે તેમજ મૃત્યુને કવિ માતા-શિશુના સંબંધ જેટલી સહજતાથી જ સ્વીકારે છે. એ અંગે સુરેશ જોષીએ સુંદર અવલોકન આપ્યું છે. અહીં સુરેશ જોષીની સૌંદર્યસૂઝ, સૂક્ષ્મ નિરીક્ષણ શકિત અને સંવેદનશીલ માનસનો પરિચય થાય છે.

## ૩.૭ કવિતાવિવેચન વિષયક કે[redacted] ક નિરીક્ષણો:

સુરેશ જોષી 'વિવેચન' અને 'રસવિવેચન' અંગે પોતાના સ્પષ્ટ ખ્યાલો ધરાવે છે. સુરેશ જોષી કવિકર્મની સાર્થકતા કવિએ પસંદ કરેલા વિષયને અનુલક્ષીને નહિ પણ એ વિષયને નિમિત બનાવીને કવિ ભાષા, છંદ, અલંકાર અને ભાવસંદર્ભનું સંવિધાન રચે છે તેની એકરૂપતામાં રહેલું છે એવું[redacted] આસ્વાદલેખોમાં આ બાબત સહૃદયી ભાવક ચોક્કસપણે નોંધી શકશે. જરૂર પડે ત્યાં તેઓ[redacted] કૃત કાવ્યમીમાંસા અને પાશ્ચાત્ય કાવ્યમીમાંસાના ઉદાહરણો અને સમજ આપીને આસ્વાદ પ્રક્રિયાને સુગમ બનાવી છે. ગુજરાતી કાવ્યોના પ્રત્યક્ષ વિવેચન અંગે એમના વિશે એવું પણ કહેવાયું છે કે[redacted] આડવાત વધારે કરે છે. પણ અહીં આસ્વાદ લેખોની સૂક્ષ્મ પ્રક્રિયામાંથી પસાર થનારને એટલું તો સમજાશે કે[redacted] છે. સાધ્ય એટલે કે કવિતાના મર્મ સુધી પહોં[redacted] રીષ પંચાલે ધ્યાન દોરેલો એક મુદ્દો વિચારણનીય છે કે,

> ***"સુરેશ જોષીએ ભલે અહીં સ્પષ્ટતા કરી હોય કે અહીં પસંદ કરેલી રચનાઓ જે તે કવિની શ્રેષ્ઠ રચનાઓ નથી, પ્રશ્ન એ થાય કે[redacted] કર જોષી, રાજેન્દ્ર શાહ, પ્રિયકાન્ત મણિયાર જેવા કવિઓની ખાલી રચનાઓ શા માટે પસંદ કરી ?......... વિવેચકનો આશય તો જે તે ઉત્તમ રચનાની પસંદગી કરવાનો જ હોયં."***[૬૬]

પરંતુ એ હકીકત છે કે[redacted] કરી એના ઉત્તમ અંશો અને મર્યાદાઓ બંને સકારણ સહેતુક ચર્ચા સામગ્રીની દષ્ટિએ, ભાવસૃષ્ટિની દષ્ટિએ, વ્યાકરણની દષ્ટિએ કરી છે. વળી આ તમામના પારસ્પરિક સંબંધથી સ્ફુ[redacted] કવિતાનાં હાર્દની ચર્ચા પણ વિશદ્તાથી તટસ્થભાવે એક સાચા વિદ્વાનને છાજે એમ કરી છે. એમાં બેમત નથી. એમણે કરાવેલ ગુજરાતી કવિતાનો આસ્વાદ કાવ્યની પ્રત્યક્ષ વિવેચનાનાં ક્ષેત્રમાં

એમણે કરેલું નોંધપાત્ર પ્રદાન છે. તેમજ સુધીન્દ્રનાથ દત્ત, વિંદા કિરંદીકર, જીવનાનન્દ દાસ, રવીન્દ્રનાથના ટાગોરના કાવ્યોનું એમણે કરેલ વિવેચન ગુજરાતી કાવ્યોના વિવેચન વિષયક સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન તરીકે ઉ ખનીય બની રહે તેવું ઉત્તમ કક્ષાનું રહયું છે. હા, એમની મર્યાદા કહો કે ત તા કે ક ભાગ કહો, વારંવાર તેઓ સિદ્ધાંત ચર્ચા, ફિલસૂફી અને તુલનામાં સરી પડતા હોય એવું લાગે છે. ભાવકને ઘણીવખત આ બાબત રસપ્રદ લાગે તો કિલષ્ટ પણ લાગે એવી સંભાવના રહેલી છે. એકંદરે પ્રદાન અવિસ્મરણીય બની રહે એટલું સંવેદન શીલતા નિરક્ષણ શકિત અને ચિંતનાત્મકતાથી કસોકસ ભરેલું છે.

## ૩.૮ વિદેશી વાર્તાઓનું વિવેચનઃ

### ૩.૮.૧ 'હારા' - A Bar Of Shadow - Van Der Post

વાન ડર પોસ્ટની નવલકથા 'એ બાર ઓફ શેડો' નું સુરેશ જોષીએ 'હારા' શીર્ષક હેઠળ એમના વિવેચનપુસ્તક 'કથોપકથન' માં વિવેચન કર્યા છે.

વિવેચનલેખની શરૂઆતમાં તેઓ હારાના બેડોળ અને વિચિત્ર શારીરિ ક દેખાવનું વર્ણન આપે છે. પણ સાથે એની અલગ તરી આવતી આંખોની નોંધ જરૂર લે છે. હારા નિષ્ઠુર જલ્લાદ છે. તેણે અનેક બ્રિટિશરોને વધેરી નાખ્યા છે. એમ છતાં એના માટે કરુણા અને માન ઉત્પન્ન થવાનાં કારણોની સુરેશ જોષી વિગતે કરે છે. 'હારા' ના વ્યકિતત્વની તેઓ જાપાની પ્રજાના પ્રકૃતિ પ્ર ાં ચર્ચા કરે છે. તેમજ હારાની મરણ વિષયક નિઃસ્પૃહતાને છેક એનાંમ ળિયાથી સમજાવતા જણાવે છે કે વર્ષની ઉંમરે લશ્કરમાં જોડાયો તે દિવસે જ દેશ માટે પ્રાણ સમર્પિત કરી દીધા હતા પછી ખરેખરું મૃત્યુ ગમે ત્યારે આવે એનો એને લેશમાત્ર હરખશોક ન હોતા. આવો નિર્લે

હારા કૈ ક્રિસમસના દિવસે 'મેરી કુ ' નું વાદન કરીને દેહાંતના હોઠે આવેલા આદેશને રોકીને તેને મુકિત બક્ષી માનવતાનું તેજ પ્રગટાવે છે.

હિરોશીમા અને નાગાસાકીના પતન બાદ હારાને જયારે દેહોતદંડની સજા આપવામાં આવે છે ત્યારે એની દઢતા, નિષ્ફિળતા, મૃત્યુના ભય પર નો વિજય અને પોતાના એકવારના કૈ કનો વ્યવહાર વગેરે માટે સુરેશ જોષી જણાવે છે કુ તી નથી.

ફાંસીની રાહ જો કવિતા લખતો હારા, લોરેન્સ સાથેની વાતચીત, વિગતે ચર્ચા કરીને સુરેશ જોષી જણાવે છે કે,

***"આ છે Van der post ની નવલકથા 'A bar of shadow' અદભૂત સંઘર્ષાત્મક પ્રસંગ, વિનાશના કાટમાળમાંથી પાંગરતું માનવતાનું પુષ્પ."*** [૬૭]

આમ છતાં એટલું તો જરૂર નોંધવું ઘટે કેસ વિવેચન 'હારા' ના વ્યકિતત્વની આસપાસ કર્યુંછ અને કૃતિના કલાતત્ત્વ કે વિષયક ચર્ચાઓ કરવાનું ટાળ્યું છે.

### ૩.૮.૨ Village Doctor: ગામાડાંનો દાકતર-એક દ્દષ્ટિ - ફ્રાન્સ-કાફકા:

ફ્રાન્ઝ કાફકા કૃત 'વિલેજ ડોકટર' નામની નવલિકાનો આસ્વાદ સુરેશ જોષીએ પોતાના વિવેચનપુસ્તક 'કથોપકથન' માં "ગામડાનો દાકતર-એક દ્દષ્ટિ" એવાં શીર્ષક હેઠળ કરાવ્યો છે.

સુરેશ જોષી વિવેચનલેખના આરંભમાં જ વાર્તાના આટાપાટાની સ્પષ્ટતા કરે છે. અને તેના મર્મને પામવા અંગેનું પોતાનું ચિંતન રજુ કરે છે.

***"વાકયોનો અર્થ એની અંદરના પદો વચ્ચેના અન્વયના આધારે સિદ્ધ થાય છે. કળાકૃતિનો મર્મ પણ એના ઘટક અંશોના અન્વયને સમજવાથી પામી શકાય. કળાનો મર્મ, એની સ્વરૂપ રચનામાં રહયો હોય છે. આ વાર્તાની રૂપરચના તપાસવાથી એના મર્મની દિશા જડશે."[૬૮]***

મતલબ [illegible] કૃતિની સમીક્ષા રૂપ રચનાવાદી અભિગમથી કરી છે. સમગ્ર સમીક્ષામાં એમણે દાકતરને ઘોડા વચ્ચેનો સંબંધ, દાકતર અને દર્દી વચ્ચેની એકાત્મકતા, દર્દીના વ્રણને શોધવા માટે દર્દીની પથારીમાં એની સમાન જ સૂઇ જતો દાકતર વગેરેની પ્રતીકાત્મકતાની ચર્ચા કરી છે. સાથે-સાથે કાફકાએ વાકય રચનાને જોડવા 'અને' શબ્દને બદલે 'પણ' શબ્દનો ઉપયોગ કર્યો છે. એ વિરોધાભાસી રચનાત્મકતાની પણ નોંધ લીધી છે.

સુરેશ જોષીએ આ સમીક્ષામાં ઠેર-ઠેર 'દુર્ગ' કૃતિ અને તેમાં નિરૂપણ પામેલી પરિસ્થિતિ માં એના નાયક 'ક' ની મનોદશાની ઠેર-ઠેર સરખામણી કરી છે. સાથે-સાથે [illegible] કાફકાની વાર્તાની રૂપરચનાની સામ્યતા અને વિરોધાભાસોની પણ ચર્ચા કરી છે. વળી, ફિલસૂફી નિત્શે જો આ વાર્તા વાંચે તો શો પ્રતિભાવ આપે એની ચર્ચા કરીને ઈશ્વરના અસ્તિત્વની સંદિગ્ધતા, માનવીની લાચારી, જાત સાથેની ઊખડી ગયેલી નિસ્બત અંગે ચર્ચા કરી છે. તેમજ કાફકાએ સાંકેતિક અન્વય, રચીને અલગ જ સૃષ્ટિ ખડી કરી છે. તે[illegible] કને ડોકિયું કરાવ્યું છે[illegible] દ્ધ કહી શકાય સુરેશ જોષીને અભિપ્રેત રચનાકળાના દર્શન એમને આ નવલીકામાં થયા જણાય છે. એથી જ અંતમાં તેઓ જણાવે છે કે,

***"કાફકાની રચનાકળા વસ્તુ નિરૂપણમાં જ રહસ્યસ્ફોટન કરતી આવેછ આથી રચનાને એનું રહસ્ય એ બંને અભિન્ન બનવાની હદે પહોંચે છે. આથી નવલિકા જેવા લઘુ[redacted] અહીં વિસ્તરતી અનુભવાય છે."*** [૬૯]

### ૩.૮.૩ ડેથ ઇન વેનિસ - ટોમસ માન (ડેથ ઇન વેનિસ -એક દૃષ્ટિપાત):

જર્મન લેખક ટોમસ માનની વાર્તા 'ડેથ ઇન વેનિસ' નું સુરેશ જોષીએ અત્યંત સૂક્ષ્મતાથી પ્રતીકાર્થો ધ્યાનમાં રાખીને[redacted] કર્યું[redacted] ખની શરૂઆત તેઓ એમને પ્રિય ટુંકીવાર્તા સ્વરૂપ અંગે સૈદ્ધાંતિક ચર્ચા દ્વારા પૂર્વભૂમિકા બાંધીને કરે છે. ત્યારબાદ 'ડેથ ઇન વેનિસ' વાર્તાનાં વિષયવસ્તુનું ટૂંકમાં વર્ણન કરે છે. પછીથી તેઓ વાર્તાની શરૂઆત આશેનખાબ નામના કલાકારની મનોસ્થિતિ એને સંલગ્નતા વગેરેનો નિર્દેશ કરે છે. કબ્રસ્તાન આગળ ઊભેલાં યાત્રાળુ દ્વારા લેખક મરણનો સૂચિતાર્થ મૂકી આપે છે એવું સુરેશ જોષીએ દર્શાવી આપ્યું છે. આશેનખાબને આવતું આદિમ અરણ્યસૃષ્ટિનું દીવાસ્વપ્ન, વિચિત્ર સહેલાણી, ભાડા વગર જ લિડો હોટેલ પહોંચાડી દેતો ગોન્ડોલા[redacted] વગેરેના પ્રતીક દ્વારા આશેનખાબની મૃત્યુ તરફની ગતિ કે[redacted] સૂક્ષ્મતાથી ટોમસ માને આલેખી છે તે સુરેશ જોષી વિગતે દર્શાવી આપે છે. પોલેન્ડવાસી કું[redacted] કિશોર તાદ્‌જિયો તરફ કળાકાર તરીકે[redacted] ખાબ ખેં[redacted] કર્ષણ ને આવેગનો ભોગ બનીને મુત્યુને ભેટે છે. સમગ્ર સંઘર્ષાત્મક પરિસ્થિતિને કળાસ્વરૂપમાં સહજતાથી ટોમસ માને કુ[redacted] [redacted] સૂક્ષ્મતાથી દર્શાવી આપતાં નોંધે છે કે,

***"આ વાર્તામાં ક્રમશઃ કશાય રૂપની શિસ્તમાં ગ્રસ્ત બન્યા વિનાની આદિમ અરાજકતા અને રૂપસંવિધાનની ભદ્દી સાર્થકતા તરફ વળવા મથતી સર્જકચેતના આ બે વચ્ચેના સતત ચાલ્યા કરતાં ગજગ્રાહનો આપણને અનુભવ થતો રહે છે."*** [૭૦]

સુરેશ જોષી માત્ર ટોમસ માનની જ કળાકારદૃષ્ટિનું મૂલ્યાંકન કરતાં નથી પણ ટોમસ માનની વાર્તાનું પણ વિશ્લેષણ કરે છે. કળાકારની નિયતિ, એના આવેગો, રચનાઓ વગેરેની પણ ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે. સાથે-સાથે ટૂંકી વાર્તાસ્વરૂપમાં આ કૃતિ કેમ શ્રેષ્ઠ છે એની યોગ્ય નોંધ લઇને વિવેચનલેખના સમાપનમાં નોંધે છે કે,

***"વધારે પડતી ઊપસી આવીને ક્લેશ કરાવે એવી પ્રતીકરચના નથી....આથી અહીં Form અને Content એકબીજામાં અભિન્ન વિચલિત થઇ ગયા હોય એવો અનુભવ થાય છે."[૭૧]***

# પાદટીપ

| ક્રમ | કર્તાનું નામ | કૃતિનું નામ | આવૃતિ વર્ષ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|
| ૧ | શિરીષ પંચાલ, | 'સુરેશ જોષી નું સાહિત્યવિશ્વ-વિવેચન-૨', | ૨૦૦૫, | ૮૩ |
| ૨ | એજન, | - | - | ૨૫૦ |
| ૩ | એજન, | - | - | ૨૫૨ |
| ૪ | એજન, | - | - | ૨૫૩ |
| ૫ | એજન, | - | - | ૨૫૭ |
| ૬ | એજન, | - | - | ૨૫૭ |
| ૭ | રાધેશ્યામ શર્મા, | 'વાચના', | ૧૯૭૨, | ૨૨-૨૩ |
| ૮ | એજન, | - | - | ૧૯ |
| ૯ | શિરીષ પંચાલ, | 'સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ-વિવેચન-૧', | ૨૦૦૫ | ૨૮૧-૮૨ |
| ૧૦ | એજન, | - | - | ૨૮૩ |
| ૧૧ | એજન, | - | - | ૨૮૫ |
| ૧૨ | એજન, | - | - | ૨૮૮ |
| ૧૩ | એજન, | - | - | ૨૮૮ |
| ૧૪ | એજન, | - | - | ૨૮૮ |
| ૧૫ | એજન, | - | - | ૨૯૧ |
| ૧૬ | એજન, | - | - | ૨૯૨ |
| ૧૭ | એજન, | - | - | ૨૯૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | એજન, | - | - | ૨૯૫ |
| ૧૯ | એજન, | - | - | ૨૯૫ |
| ૨૦ | એજન, | - | - | ૨૪૮ |
| ૨૧ | એજન, | - | - | ૨૬૨ |
| ૨૨ | શિરીષ પંચાલ, | 'સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ-વિવેચન-૨', | ૨૦૦૫ | ૫૨ |
| ૨૩ | એજન, | - | - | ૫૨ |
| ૨૪ | શિરીષ પંચાલ, | 'સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ-વિવેચન-૧', | ૨૦૦૫ | ૩૦૦ |
| ૨૫ | એજન, | - | - | ૩૦૮ |
| ૨૬ | એજન, | - | - | ૩૦૯ |
| ૨૭ | એજન, | - | - | ૩૨૧ |
| ૨૮ | શિરીષ પંચાલ, | 'સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ-વિવેચન-૨', | ૨૦૦૫ | ૪૪૫ |
| ૨૯ | એજન, | - | - | ૪૫૩ |
| ૩૦ | એજન, | - | - | ૪૫૭ |
| ૩૧ | એજન, | - | - | ૪૫૮ |
| ૩૨ | એજન, | - | - | ૪૬૭ |
| ૩૩ | શિરીષ પંચાલ, | 'સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ-વિવેચન-૧', | ૨૦૦૫ | ૩૨૪ |
| ૩૪ | એજન, | - | - | ૩૩૫ |
| ૩૫ | શિરીષ પંચાલ, | 'સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ-વિવેચન-૨', | ૨૦૦૫ | ૪૩૧ |
| ૩૬ | એજન, | - | - | ૪૩૧ |
| ૩૭ | એજન, | - | - | ૪૩૩ |
| ૩૮ | એજન, | - | - | ૪૪૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૯ | એજન, | - | - | ૪૪૪ |
| ૪૦ | શિરીષ પંચાલ, | 'સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ -વિવેચન-૧', | ૨૦૦૫ | ૧૧૧ |
| ૪૧ | એજન, | - | - | ૧૧૩ |
| ૪૨ | એજન, | - | - | ૧૧૯ |
| ૪૩ | એજન, | - | - | ૧૨૩ |
| ૪૪ | એજન, | - | - | ૧૨૫ |
| ૪૫ | સુમન શાહ, | 'કાવ્ય પદ', | ૨૦૦૩, | ૨૩ |
| ૪૬ | શિરીષ પંચાલ, | 'સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ -વિવેચન-૧', | ૨૦૦૫ | ૧૩૨ |
| ૪૭ | એજન, | - | - | ૧૨૬ |
| ૪૮ | એજન, | - | - | ૧૪૦ |
| ૪૯ | એજન, | - | - | ૧૪૩ |
| ૫૦ | એજન, | - | - | ૧૫૪ |
| ૫૧ | એજન, | - | - | ૧૬૪ |
| ૫૨ | એજન, | - | - | ૧૭૧ |
| ૫૩ | એજન, | - | - | ૧૭૭ |
| ૫૪ | એજન, | - | - | ૧૮૨ |
| ૫૫ | એજન, | - | - | ૧૯૦ |
| ૫૬ | એજન, | - | - | ૧૯૩ |
| ૫૭ | સુમન શાહ, | 'સુરેશ જોષીથી સુરેશ જોષી', | ૨૦૦૦, | ૨૮૨ |
| ૫૮ | શિરીષ પંચાલ, | 'સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ -વિવેચન-૧', | ૨૦૦૫ | ૨૦૩ |
| ૫૯ | એજન, | - | - | ૨૧૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૦ | એજન, | - | - | ૨૧૭ |
| ૬૧ | એજન, | - | - | ૨૧૮ |
| ૬૨ | એજન, | - | - | ૫૮૩ |
| ૬૩ | એજન, | - | - | ૫૮૭ |
| ૬૪ | એજન, | - | - | ૫૪૭ |
| ૬૫ | એજન, | - | - | ૫૪૮ |
| ૬૬ | એજન, | - | - | ૨૫ |
| ૬૭ | એજન, | - | - | ૩૪૬ |
| ૬૮ | એજન, | - | - | ૪૦૫ |
| ૬૯ | એજન, | - | - | ૪૧૨ |
| ૭૦ | એજન, | - | - | ૪૧૬ |
| ૭૧ | એજન, | - | - | ૪૧૯ |